અક્ષરનાદ
AksharNaad.com

# શબરીના બોર

- ડૉ. પ્રફુલ્લ શાહ

07-2011

પ્રથમ ઈ-સંસ્કરણ

http://aksharnaad.com




http://aksharnaad.com

મૂળ પુસ્તક

# શબરીના બોર - ડૉ. પ્રફુલ્લભાઈ શાહ

મૂલ્ય – 100/- રૂપિયા

© સોનલ ફાઉન્ડેશન, સાવરકુંડલા

ISBN 978-93-80125-04-6

પ્રકાશક – સુનિતા ચૌધરી, પ્રબંધક, રંગદ્વાર પ્રકાશન

જી-15, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબના પગલાં પાસે, નવરંગપુરા, અમદાવાદ – 380009

rangdwar.prakashan@gmail.com, http://rangdwar.com

# અક્ષરનાદ ઈ-સંસ્કરણ

તારીખ ૧૬ માર્ચ ૨૦૧૦ના રોજ અક્ષરનાદ પર પ્રથમ ઈ પુસ્તક મૂકેલું, એ પછી વિવિધ ઈ-પુસ્તકો મૂકાતા રહ્યાં છે, ડાઉનલોડ થતાં રહ્યાં છે. આ શ્રેણી આગળ વધારતા શ્રી પ્રફુલ્લભાઈ શાહનું અનુભવભાથુ, અનેકવિધ સમાજોપયોગી કાર્યોની સાથે સંકળાયેલી તેમની સુંદર યાદો જેમાં મોતીની જેમ પરોવાયેલી છે, એવું આ સુંદર પુસ્તક, જાણે શબરી રામને બોર અર્પણ કરતી હોય એવી ભાવનાથી તેમણે વાંચકોને અર્પણ કર્યું છે. આ સુંદર પુસ્તક પ્રસ્તુત કરતા અનેરા હર્ષની લાગણી થાય છે. અક્ષરનાદની આજ સુધીની ઈ-પુસ્તકોની ડાઉનલોડ સંખ્યા ઘણી સંતોષકારક રહી છે. આ નવતર પ્રયોગને સરસ આવકાર મળ્યો એ બદલ અક્ષરનાદના સર્વે વાંચકમિત્રો અને શુભેચ્છકોનો આભાર માનું છું. આ

પુસ્તકો માટે **શ્રી ગોપાલભાઈની** (http://gopalparekh.wordpress.com) ઈચ્છા આનું મુખ્ય કારણ છે. આવા પુસ્તકો અક્ષરનાદ પર આવશે. પ્રેરણાદાયી જીવન ચરિત્રો, મનનીય કૃતિઓ અને જીવનલક્ષી સાહિત્યનું આ એક નવું સોપાન છે. શ્રી પ્રફુલભાઈ જેવા સહૃદય વડીલની અનુમતિ અને મદદને લીધે 2010માં જ પ્રકાશિત પુસ્તક, 100 રૂ. મૂલ્ય હોવા છતાં અક્ષરનાદના વાંચકમિત્રો માટે તદ્દન મફત અહીં મૂકવાની પરવાનગી મળી છે ત્યારે શ્રી પ્રફુલ્લભાઈના અનુભવો સૌની સાથે વહેંચી રહ્યાનો આનંદ છે તો હાર્દિક કૃતજ્ઞતા પણ છે. આશા છે આનો લાભ મહત્તમ વાંચકો સુધી પહોંચશે. અક્ષરનાદના ડાઊનલોડ વિભાગમાં આવા અનેક પુસ્તકો ડાઊનલોડ માટે ઉપલબ્ધ છે.

**- જીજ્ઞેશ અધ્યારૂ**

11 જૂલાઈ 2011, પ્રથમ ઈ – સંસ્કરણ

# અનુક્રમ

અક્ષરનાદ ઈ–સંસ્કરણ....4

સહુના સગા પ્રફુલ્લભાઈ – રઘુવીર ચૌધરી....10

શબરીનાં બોર મીઠાં જ લાગે....13

ગામડાની શાળાઓ અને ગુરૂજીઓ....17

મનુ મસ્તાન – એક અલગારી માણસ....22

બહાદુર અપંગ દીકરીઓ....29

'બરબાદ જુનાગઢી' – એક ઓલિયો જીવ....34

કરુણામૂર્તિ વિમળાબહેન....................................................................37

તે ઉત્તમ માનવ બન્યો....................................................................41

સમાજ અને ત્યક્તા બહેન....................................................................45

સાસુ-મા....................................................................49

બચુભાઈ — સેવાના પર્યાય....................................................................54

માનવતાનું ઝરણું....................................................................62

હસીનાનું નવું જીવન....................................................................68

ઇલા પ્રોફેસર બની....................................................................73

નાના માનવીની મોટી વાત- ....................................................................79

પરોપકારી જીવ..............................................................................................84

ગાંધીજીના દર્શનને સેવનાર – ગફુરભાઇ બિલખિયા.............................................88

ત્રણ દીકરીઓ...................................................................................................95

‘ચારણ કન્યા’ જેવી દીકરી..............................................................................99

તબીબ થવાનું સ્વપ્ન સાકાર કરતો વિદ્યાર્થી.....................................................103

બહાદુર દીકરી...............................................................................................107

પૌત્રના શબ્દોએ.... ......................................................................................110

નવ વર્ષની દીકરીની ગજબની હિંમત.......................................................115

જવાંમર્દ રામકુભાઈ ખાચર .......................................................118

સત્ય એ જ ઇશ્વર છે. .......................................................122

‘ડૉકટર કે દેવદૂત’? .......................................................125

દરેક ડૉક્ટરનો ધર્મ.......................................................130

# સહુના સગા પ્રફુલ્લભાઈ – રઘુવીર ચૌધરી

ગાંધીજીએ 'હિંદ સ્વરાજ'માં નોંધ્યુ છે કે એક ગામમાંથી ડૉક્ટરો અને વકીલોએ ઉચાળા ભર્યા એ પછી એ ગામનો વિકાસ થયેલો, એનું સ્વાસ્થ્ય સુધરેલું, ગાંધીજી એ પછી પણ સાચા પડતા રહ્યા હશે, પણ એમને ખોટા પાડે એવા એમના અનુયાયીઓ વીસમી સદીમાં જોવા મળ્યા છે, અને એ પણ પોરબંદરથી બહુ દૂર નહીં એવા સાવરકુંડલામાં. એમનું નામ છે ડૉ. પ્રફુલ્લભાઈ શાહ. વ્યક્તિ અને સમાજનું આરોગ્ય સુધરે એમાં એમની અને એમનાં ધર્મપત્ની ઈન્દિરાબહેનની પણ એવી જ નિસબત. પ્રફુલ્લભાઈએ (જન્મ 30-09-1932, લીંબડી, એમ. બી. બી. એસ. 1958, વડોદરા) સાવરકુંડલામાં તબીબ તરીકે

સેવાઓ આપવાનો પ્રારંભ કર્યો અને એમની ભાવનાને ટૂંક સમયમાં યોગ્ય પ્રતિભાવ સાંપડ્યો. એ આખા વિસ્તારના સ્વજન બની ગયા. પ્રવૃત્તિઓ ઉમેરાતી ગઈ. સદગત દીકરી સોનલના નામે સ્થાપેલા ફાઉન્ડેશન દ્વારા બહેનોને સ્વાવલંબી બનાવવાની સાથે કેળવવાના પ્રયત્નો શરૂ થયા. રક્તપિત, પોલીઓ જેવા રોગોનો વ્યાપક પ્રતિકાર શરૂ થયો. કિડનીના રોગોની સારવાર, ક્ષયનિવારણ, બાળ-પુસ્તકાલય, શિષ્યવૃત્તિઓની જોગવાઈ, વૃક્ષ ઉછેર, કલાઓની તાલીમ જેવી પ્રવૃત્તિઓમાં આ દંપત્તિએ સક્રિય રસ લીધો. જીવનના વિવિધ ક્ષેત્રો સાથે જોડાતા ગયેલા નાતાને પરિણામે જે અનુભવો પ્રાપ્ત થયા એ સાચવીને શબ્દમાં મૂક્યા. અંગત મૂડીમાં સહુને ભાગીદાર બનાવ્યા.

પ્રફુલ્લભાઈના પ્રથમ પુસ્તક ‘મનેખ નાનું મન મોટું’ ની ટૂંક સમયમાં બબ્બે આવૃત્તિઓ થઈ, સાથે સાથે પ્રફુલ્લભાઈની આરોગ્ય સેવાઓ અને પુસ્તકાલય પ્રવૃત્તિને પણ વેગ મળ્યો. શબ્દ દ્વારા વ્યાપક જીવનની સેવા કરનારા આવા લેખકો ગાંધીજીના વારસાને જીવંત રાખે છે, ગુજરાતી ભાષાની સાચી વંદના કરે છે.

**– રઘુવીર ચૌધરી**

# શબરીનાં બોર મીઠાં જ લાગે...

કુંડલાથી 15 કિમી દૂર 700 માણસોની વસ્તી ધરાવતું એક ગામડું છે. તેની આજુબાજુનાં ગામડાંઓમાં અમે 11 પુસ્તકાલયો આપેલાં. તે અંગે એક કાર્યક્રમ યોજેલો. સાંજના ચાર વાગ્યે અમે ત્યાં પહોંચ્યાં. નાનું ગામ, ગામનાં બધાં પુરુષો સ્કૂલમાં આવેલા. બહેનો ઘૂમટા તાણીને એક પછી એક આવતી હતી. ગામનાં લોકો અને બાળકોથી મેદાન ભરાઈ ગયું. બાળકોએ જુદા-જુદા અભિનય સાથે કાર્યક્રમ આપ્યો. પુસ્તકવાંચનની અગત્ય અમારે સમજાવવાની હતી. અમે તે બાળકો અને વડીલોને સમજાવી.

એક બહેન છેલ્લે બેઠી હતી. તે વારંવાર ઊંચી થઈને અમને જોતી હતી. મને કુતૂહલ તો થયું પરંતુ અમારો કાર્યક્રમ પૂરો થયો ત્યારે એક શિક્ષક તે બહેનને મારી પાસે લઈને આવ્યા. ‘સાહેબ, આ બહેનને તમને મળવું છે.’ દીકરી 25 વર્ષની હશે. તેના શબ્દો મારા હૈયામાં જડાઈ ગયા. બોલી, ‘શબરી રામને મળવા આવી છે.’ હું કાંઈ સમજ્યો નહિ એટલે બહેનને પૂછ્યું, ‘બહેન, તું શું કહેવા માગે છે?’ તેના શબ્દોમાં – ‘સાહેબ, હું મહિલા કૉલેજમાં ભણતી’તી, અમે હરિજન છીએ. મારી પાસે ફીના પૈસા ન હતા એટલે સાહેબને કહ્યું કે મારે ભણવું છે પણ ફીના પૈસા નથી એટલે નામ કાઢી નાખો. પ્રિન્સિપાલે કહ્યું  કે ઈન્દિરાબેન પાસે જઈને વાત કર. તને ના નહિ પાડે.’

તે દીકરી મારાં પત્ની ઈન્દિરા પાસે આવી, ને કૉલેજમાં ફી ભરવાની છે અને ફી ભરી શકે તેમ નથી તેમ કહેતાં તો દીકરીનાં ગળામાં ડૂમો ભરાઈ ગયો અને આગળ બોલી ન શકી. ઈન્દિરાએ તેને જોઈતી રકમ આપી એટલે દીકરી હરખાતી કૉલેજ ફી ભરવા ગઈ. અમારા બેમાંથી તો આ વાતનું સ્મરણ કોઈને ન હતું અને 4 - 5 વર્ષ પણ થઈ ગયાં હતાં.

દીકરીની આંખો ભીની હતી પરંતુ ચહેરા પર આનંદ હતો. વાત આગળ ચાલી. 'સાહેબ, અત્યારે હું સુરેન્દ્રનગર બી.એડ. કરી રહી છું. મારે ઘરે પગલાં કરશો? સામે રસ્તાની પેલી બાજુ જે ઝૂંપડું છે ત્યાં મારી મા ઊભી છે.' માએ લાજ કાઢેલી હતી અને અમને જોતા હતા.

અમે તેના ઘેર ગયા. મા-દીકરીના ચહેરા પર અવર્ણનીય આનંદ છવાયેલો હતો. એવો ભાવ કોઈક જ વાર જોવા મળે. એમની એક ઈચ્છા હતી કે મારી સાથે ફોટો પડાવવો. ફોટોગ્રાફર તો તૈયાર જ હતો. વચ્ચે મને ઊભો રાખીને ફોટો લેવામાં આવ્યો. આ ચિત્ર મારા સ્મૃતિપટ પરથી ખસતું જ નથી. આવાં નાનાં માનવીઓનાં હૃદયમાં, તમે તેમને કાંઈક પણ મદદરૂપ થયા હોવ તો તમારે માટે હૃદયમાં કેટલો ઉમળકો છલકાતો હોય છે તેની કલ્પના ન કરી શકાય.

# ગામડાની શાળાઓ અને ગુરુજીઓ

અમરેલી જિલ્લાનાં પ્રાથમિક શાળાનાં બાળકોને ઈતર વાચન કરતાં કરવા અને ટી.વી. થી દૂર કરવા દરેક ગામડાની શાળામાં પુસ્તકાલયો ખોલીએ છીએ. એક વર્ષમાં 100 પુસ્તકાલયો થયાં એટલે અમે એક કાર્યક્રમનું આયોજન કર્યું. 100 શાળાઓમાં વાર્તા, વકતૃત્વસ્પર્ધા, ચિત્રકામ, રંગપૂરણી અને બાલગીત હરીફાઈ યોજવામાં આવી. અમારા આશ્ચર્ય વચ્ચે 25000 બાળકોમાંથી 8000 બાળકોએ ભાગ લીધો. દસ-દસ સ્કૂલના અમે ઝોન પાડેલા. દરેક ઝોનમાંથી તેની સેમીફાઈનલ થઈ. તે

જોવાનું અમે નક્કી કર્યું. દરેક ઝોનમાં સુંદર કાર્ય થઈ રહ્યું હતું તેથી અમને આનંદ થયો.

પરંતુ સાવરકુંડલાની કન્યાશાળામાં ગયાં ત્યાં અમે કાંઈક નૂતન જોયું. ત્યાં જઈને પૂછ્યું કે 'કેમ બરાબર ચાલે છે ને!' એક શિક્ષકે ખૂબ ઉત્સાહથી માંડીને વાત કરી. જે આમ હતી, 'સાહેબ, અમુક બાળકોને હું ઘરે બોલાવવા ગયો. એક ગરીબ ઘરમાં અમારી સ્કૂલનાં બે બાળકો રહેતાં હતાં. ત્યાં જઈને તેની બાને પૂછ્યું કે બંને બાળકો ક્યાં છે? માએ જવાબ આપ્યો કે, 'આજે રજા હતી એટલે બંને બાળકોને એક વાડીમાં કામે મોકલ્યા છે.' મેં કહ્યું કે તે બંને હોંશિયાર બાળકો છે અને સ્પર્ધામાં રહ્યા છે.

તેઓ ઈનામ મેળવે તેવાં છે. કઈ વાડીએ ગયા છે તે તેની બા પાસેથી જાણી લીધું. સીધો મોટરસાઈકલ પર વાડી પર ગયો. બંને બાળકો કામ કરતા હતા. વાડીના માલિકની રજા લઈ બંને બાળકોને સ્કૂટર પર લઈ આવ્યો. જુઓ સામે બેઠાં તે બાળકો.' અમને બાળકો બતાવ્યાં. તે શિક્ષકનો હરખ માતો ન હતો. ફાઈનલ સ્પર્ધામાં તે બાળકોને ઈનામ મળ્યું.

બાળકોની ખેવના કરનારા આવા શિક્ષકો દરેક સ્કૂલમાં હોય તો બાળકોનું ભાવિ કેવું ઉજ્જવળ બને! અમને તો અમારા કાર્યમાં અનેક અવા આદર્શવાદી શિક્ષકો મળ્યા છે તેનો આનંદ છે. બીજી એક શાળામાં અમને આમંત્રણ મળેલું. બોરડી 1000 માણસની વસ્તીનું ગામ. ગીરના જંગલનું

છેવાડાનું ગામ જ્યાં શહેરી હવા પહોંચી નથી. તેમાં 124 વિદ્યાર્થીઓ અને 123 વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે. વકતૃત્વ સ્પર્ધા, ચિત્રકામ, સુલેખન, વારતા લખવાની અને કહેવાની, રંગપૂરણી, માટીકામ, ક્વીઝ વગેરે 11 કાર્યક્રમો રાખેલ. 237 બાળકોમાંથી 180 બાળકોએ સ્પર્ધામાં ભાગ લીધેલો. માટીકામમાં તો કોઈએ ગાય, ઘોડો, ગાડું, મોટર વગેરે સુંદર બનાવેલાં. એક બાળકીએ તો એટલું સુંદર ચિત્ર દોરેલું કે કોઈ સારા ચિત્રકારે દોર્યું હોય તેમ લાગે! દરેક સ્પર્ધાનાં ત્રણ ઈનામ એમ 33 ઈનામો અમે લઈ ગયેલાં. પરંતુ જ્યારે સ્પર્ધા પૂરી થઈ અને ઈનામો આપવાનું શરૂ થયું ત્યારે મને થયું કે અમાં તો એક પણ બાળક કમ નથી. 180 બાળકોને અમે ઈનામ આપ્યા.

શહેરોની ઊંચી ફી લઈને ચલાવતી સ્કૂલો કરતાં આ સ્કૂલ કાંઈ કમ ન હતી. બલ્કે એમ કહી શકાય કે અહીં જ્યારે બાળકો વકતૃત્વ સ્પર્ધામાં બોલતાં ત્યારે નીડરતાથી તેમનું વકતવ્ય આપતાં હતાં. બાળકોમાં કેટલી શક્તિ પડેલી છે તેનો અમને ખરો અનુભવ થયો. આપણી દોટ શહેરો તરફ હોય છે. ખૂબ પૈસા ખર્ચીને બાળકોને શહેરોમાં શરૂઆતથી ભણવા મોકલીએ છીએ. આવી નાની ગામઠી શાળાઓને સમૃદ્ધ ન કરી શકાય?

# મનુ મસ્તાન – એક અલગારી માણસ

મનુભાઈ પટેલ તેમનું નામ. સૌ તેમને 'મનુ મસ્તાન' કહીને જ બોલાવે. તેમનું રહેવાનું કોઈ સ્થાન નહિં. હા, શોધવા હોય તો સ્મશાનમાંથી મળી આવે. મોટેભાગે તેમનો ઉતારો સ્મશાનમાં. જ્યાં જ્યાં મનુભાઈ જાય ત્યાં તેમના ચાહકોનો પાર નહિ. હજારોની મેદની વચ્ચે તેઓ જ્યારે ગઝલો બોલતા હોય ત્યારે ટાંકણી પડે તોપણ સંભળાય એવી નીરવ શાંતિ સ્થપાઈ જાય. સૌને ગઝલોથી તરબોળ કરી દે. અવાજમાં એવો રણકો અને મધુરપ કે રાત વીતી જાય પણ કોઈને ખબર ન પડે.

સાવરકુંડલામાં બે ઘરે તેમનો ઉતારો - ડૉ. વોરાને ત્યાં કે મારે ત્યાં. સમય સાથે કોઈ લેવાદેવા નહિ. મસ્તફકીર મહેફિલમાં પડી જાય તો રાત્રે ગમે ત્યારે આવે. બારણું ખખડાવવાની વાત નહિ. વંડી ઠેકીને અંદર આવતા રહે કે પાઈપોથી ઉપર ચડીને મેડીમાં સૂઈ જાય.

એક વખત રાત્રે મોડા આવ્યા. બિલ્લી પગે અંદર આવી બહાર ઓસરીમાં લંબાવ્યુ. અમે તેની મોડે સુધી રાહ જોઈને સૂઈ ગયાં હતાં. જરાક અવાજ થયો એટલે મારાં પત્નીએ બારણું ખોલ્યું અને મનુજી પકડાઈ ગયા. મીઠો ઠપકો પણ આપ્યો. બે હાથ જોડીને કહે, ‘મૈયા, ભૂખ લગી હૈ.’ તેમનાં માટે જમવાનું રાખેલુ એટલે રાત્રે પ્રેમથી જમાડ્યા. ઊંઘ પણ નાના બાળકની

જેમ તરત આવી જાય. તેમના માટે કદી કોઈ સ્પેશિયલ વસ્તુ બનાવાય નહિ. જે તૈયાર હોય તે પ્રેમથી જમી લે.

એક વખત તેમને પક્ષાઘાતનો હુમલો થયો. તેમાંથી સારા થઈ ગયા. સાવરકુંડલા આવ્યા એટલે તેમનું સંપૂર્ણ ચેક-અપ કરાવાનો મેં આગ્રહ રાખ્યો. તમને યોગ્ય લાગે તેમ કરો તેમ કહ્યું. તપાસતાં બધું નૉર્મલ હતું.

તેમણે મને એક ગઝલ સંભળાવેલી જે અમે ટૅપ કરેલી છે. તેમાં દર્દ ભારોભાર છે. તેમના મુખે સાંભળીએ ત્યારે કેવો દર્દીલો ગાયક છે તેનો ખ્યાલ આવે :

તુમ તો હો બેદર્દ, ક્યા જાનો કૈસા દર્દ હૈ.

દર્દ કહેતા હૈ, કિસ મજે કા દર્દ હૈ.

કિતના અચ્છા, કિતના મીઠા, કિતના પ્યારા દર્દ હૈ,

સિર્ફ દિલમેં દર્દ હો, વો દર્દ ભી ક્યા દર્દ હૈ.

દર્દ મંદે ઈશ્ક હૈ, જો શરાફ઼ા દર્દ હૈ,

ક્યુંકી  ઈશ્ક એક દર્દ હિ, જો ઉમ્ર ભરકા દર્દ હૈ,

હો નહિ સકતી દવા જિસકી, વો ઐસા દર્દ હૈ !

તો હાથ રખને સે યે ક્યા મીટ જાનેવાલા દર્દ હૈ !

તુમ કો ક્યા માલુમ યે દર્દ કિતના મીઠા દર્દ હૈ...

કિતના મીઠા દર્દ હૈ. ઔર કિસ કે દિલકા દર્દ હૈ.

હમસે સુન સુન કર કરોગે દર્દે દિલકા ક્યા ઈલાજ,

જાઓ ઈજારા કરો, જા કર કરો અપના ઈલાજ.

દર્દ મંદે ઈશ્ક કી, કૈસી દવા કૈસા ઈલાજ.

અય તબીબો જાવ, તુમસે હો ન સકેગા મેરા ઈલાજ.

યે દવા વો દિલ કરેગા, દિલમેં જિસકા દર્દ હૈ,

તુમ તો હો બેદર્દ, ક્યા જાનો કૈસા દર્દ હૈ.

ક્યુંકી દર્દ દિલ કા દોસ્ત હૈ,

યાની કે આતા હૈ દિલકે સાથ સાથ,

ખુદ એ સાથી મિલા હૈ દિલ કો  દિલકી સાથ સાથ ,
જબ કભી દેખા હૈ તો દેખા હૈ દિલકી સાથ સાથ,
તુમ જુદા રહતે હો, યે રહતા હૈ દિલકી સાથ સાથ,
તુમ બહોત અચ્છે હો, લેકિન તુમ સે અચ્છા દર્દ હૈ.
ઈશ્ક ભી એક દર્દ હૈ, જો ઉમ્રભર કા દર્દ હૈ.
તુમ હી જબ બેતાબ હો, ક્યું કર મીલે મુઝકો સુકુન,
મુઝ તરબીયેં ખુદ હું, તુમ કો કિસ તરાહ તસકીન દું.
રોના ઈસીકા હૈ કી તુમ જી થામ કે રોતે હો ક્યું ?
મૈં તડપતા હૂં કે આખિર દર્દ મંદે ઈશ્ક હું.
તુમ હો ક્યું બેચેન, આખિર તુમ કો કિસ કા દર્દ હૈ.

ઈશ્ક ભી એક દર્દ હૈ જો ઉમ્ર ભર કા દર્દ હૈ.
તુમતો હો બેદર્દ, ક્યા જાનો કિ કૈસા દર્દ હૈ.
તો ઐસે નુસખોસે મૈં અચ્છા હો નહિ સકતા મરીઝ.
ક્યું કી હૈ દવાઓ સે મુઝે પરહીઝ, હું ઐસા મરીઝ.
ઔર અચ્છા હો સકતા નહિ આઝાદ ઉલ્ફત કા મરીઝ.
ઔર હો સકે જિસ કી દવા. યે દર્દ ભી ક્યા દર્દ હૈ
ઈશ્ક ભી એક દર્દ હૈ. જો ઉમ્રભરકા દર્દ હૈ,
તુમતો હો બેદર્દ, ક્યા જાનો કૈસા દર્દ હૈ.

તેમની આ ગઝલ પરથી ખ્યાલ આવશે કે આ મસ્તફકીરના દિલમાં કેટલું દર્દ હશે! હંમેશાં સૌને હસાવનાર એક દર્દીલો જીવ હતો. આવા મસ્ત માનવી મળવા દુર્લભ છે.

## બહાદુર અપંગ દીકરીઓ

કોઇવાર મનમાં એવો વિચાર આવે કે, ‘ઈશ્વરે પોલિયો જેવા રોગ શા માટે આપ્યા હશે? નાનાં બાળકોએ શું પાપ કર્યાં હોય છે કે તેમને આજીવન અપંગતામાં જીવવું પડે? આ વખતે ‘બેફામ’ નો શેર યાદ આવી જાય,

"ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી,
સારા હોય છે તેની દશા સારી નથી હોતી."

પરંતુ ઇશ્વરની લીલા અકળ છે. આવાં અપંગ બાળકોમાં કુદરત એવી શક્તિ મૂકે છે કે તેઓનાં કાર્યથી ખૂબ પ્રસન્નતા થાય. આવાં બે બાળકોની વાત આજે મારે કરવી છે.

વિરલ કૉલેજમાં હતી. દીકરી એમ.કૉમ સુધી પહોંચી, સ્ટેનો શીખી. ધગશ એટલી બધી કે તેને કાંઇક થવું હતું. તેના માટે સતત પરિશ્રમ કર્યા કરતી. અનેક વખત નાસીપાસ થવાના પ્રસંગો પણ બન્યા. અમારી સાથે ફોન પર કે પત્ર દ્વારા વાતો થતી. હું તેને હંમેશા હિંમત આપતો અને

કહેતો કે તેના કપાળમાં લખ્યું છે તે એક દિવસ ઊંચી કક્ષાએ પહોંચવાની છે.

તેને જ્યારે જામનગર ઈરવીન હોસ્પિટલમાં દાખલ કરી ત્યારે ડૉકટરે કહેલું કે ચાર-પાંચ ઑપરેશન આવશે. પરંતુ દીકરી ચાલી શકશે. વિરલ મને હૉસ્પિટલના ડોકટરો, નર્સ બહેનો વગેરે સૌ તેના પ્રત્યે કેવો સદભાવ બતાવે છે તે વિગતવાર લખતી. એક વખતે ઑપરેશન થિયેટરમાં જતાં પહેલાં તેણે ચાર પાનનો એક પત્ર મને લખ્યો. તેમાં તેણે લખેલું કે મારે મારા પિતાનો દીકરો થઇને રહેવું છે અને કોઇ કંપનીની એક્ઝીક્યુટિવ બનવું છે. નીચે એક શેર ટાંકેલો –

"ખુદી કો કર બુલંદ ઇતના કે હર તદબીર સે પહેલે
ખુદા બંદે સે ખુદ પૂછે, બતા તેરી રઝા ક્યા હૈ?"

આજે આ શબ્દો તેણે યથાર્થ કરી બતાવ્યા છે. ચલાલા ગામની દીકરી સુરત પહોંચી. ત્યાંથી તેની હોંશિયારીથી મુંબઇ પહોંચી. આજે તેની કંપનીની નવી ઑફિસ ખૂલી તેમાં મદ્રાસ ગઇ છે. તેનો હરખભેર ફોન આવ્યો. મેં કહ્યું, 'બેટા, તારા માટે હવે અમેરિકા દૂર નથી.' તેને સારો પગાર મળે છે. પોતાના ભાઈને પણ પોતાની પાસે બોલાવી લીધો છે.

પોલિયોનું કામ મેં શરૂ કર્યું ત્યારે પહેલો કેસ વિરલનો હતો. આજે મારા ઘરમાં પોલિયોવાળી અને સંપૂર્ણ સ્વસ્થ ઘોડીથી ચાલતી દીકરી - તે બંને

ફોટા મારા બેડરૂમમાં છે. આવી બીજી પણ એક દીકરી બંને પગે પોલિયો વાળી છે. તે આજે પણ જમીન ઘસીને ચાલે છે. મા-બાપ બિલકુલ કમાતાં નથી. દીકરી દુકાન ચલાવે છે. કુટુંબનું ભરણ-પોષણ કરે છે. અમદાવાદ - મુંબઇ ખરીદી કરવાનું હોય તો એકલી બસમાં જાય છે અને દુકાનમાં જોઇતી વસ્તુ લઇ આવે છે. આવી બહાદુર દીકરીને જ્યારે જ્યારે મળવાનું થાય છે, અંદરથી આનંદ માતો નથી.

# ‘બરબાદ જુનાગઢી’ – એક ઓલિયો જીવ

બરબાદ જૂનાગઢીનું નામ શાયરોની દુનિયામાં મશહૂર છે. એક ઓલિયો જીવ, દિલનો દિલાવર, તદ્દન નિખાલસ. તેમનું તખલ્લુસ ‘બરબાદ’. બીજાને આબાદ કરીને પોતે બરબાદ થાય તેવો ઉમદા સ્વભાવ. એક સમયે જૂનાગઢની ગલીઓમાં ભંગારની લારી લઇને ફરતો મસ્ત આદમી.

તેઓ જૂનાગઢથી સાવરકુંડલા રહેવા આવ્યા. અમારી દોસ્તી પાકી, વારંવાર બીમાર થઇ જાય. તેમને સાજા કરી દઉં એટલે પાછા મસ્તીમાં આવી જાય. તેમને પછી ક્ષય રોગ લાગુ પડ્યો. જે વર્ષો સુધી ચાલ્યો અને તે રોગમાં જ તેમનું મૃત્યુ થયું. મનુભાઇ પટેલ, જેને સૌ મનુ મસ્તાન

કહેતાં, બંનેના કાર્યક્રમો અમારે ત્યાં ગોઠવાય. રાત ક્યાં ચાલી જાય તેની કોઇને ખબર ન પડે. જ્યારે બંને ખીલે ત્યારે બરાબર રંગત જામે. તેમના જાણીતા શેર લખ્યા વિના રહી શકતો નથી. તેમની ગઝલમાં વેદનાનો ભાવ ભારોભર જોવા મળે. તેમની ગઝલ તેમના મુખે સાંભળવી તે પણ એક લહાવો હતો.

‘સિતમ પરવર ! પ્રણયમાં શી વલે થઇ છે, બતાવું છું.
કદી ગમ મુજને ખાય છે, કદી હું ગમને ખાઉં છું.’

‘તફાવત એટલો છે, આપની અને મારી મહેફિલનો.
તમે તો દીપ બાળો છો અને હું દિલને જલાવું છું.’

‘પાલવના ફરફરાટ તને  એ ખબર નથી
અગ્નિ વધુ સતેજ થયો છે, હવા પછી,
તું ઓ તબીબ ! માફ કરે તો કહી દઉં,
હાલત વધુ ખરાબ થઇ છે દવા પછી.”

‘તમે જો એકચિત્તે સાંભળી લેશો કવન મારું,
તમારા સમ તમોને ભીંજવી દેશે, રુદન મારું’

એક બીજાને પંદર દિવસ ન મળ્યા હોય તો બેચેની થાય. તેઓ જ્યારે છેલ્લો શ્વાસ લઇ રહ્યા હતા ત્યારે મને બોલાવ્યો. શુદ્ધિ પૂરી હતી. પરંતુ નબળાઇ અને શ્વાસ વધારે હતાં. બંનેની આંખો મળી અને આંખોએ જ

ઘણીઘણી વાતો કરી લીધી. કેટલો સમય પસાર થયો તેનો કાંઇ ખ્યાલ જ ન આવ્યો. છેલ્લે તેમના પત્નીને કહ્યું કે, “બહેન, તેમને ઇંજેક્શન આપી સોયનું દર્દ આપવું તે મને યોગ્ય લગતું નથી. ખુદા પર બધું છોડીએ.” બીજે દિવસે સરળ રીતે દેહત્યાગ કર્યો. તેમનું મૂળ નામ ઉસ્માનભાઇ મુરાદમહમદભાઇ બ્લોચ. આવા પ્રેમાળ માનવીને સલામ !

## કરુણામૂર્તિ વિમળાબહેન

હું ઘણા મિત્રોને કહેતો કે કુંડલાનું નારીરત્ન જોવું હોય તો ‘વિમળા વિલા’ માં જઇ આવો. તેમનું અવસાન થયાંને ચાર-પાંચ વર્ષ થઇ ગયાં, પરંતુ તેમની સુવાસ આજે પણ કુંડલામાં ફેલાયેલી છે.

વિમળાબહેનનું જીવન ધર્મપરાયણ. પહેલેથી જ પરગજુ જીવ. હાલતાં જાય ને કોઇને મદદ કરતાં જાય. ઉપાશ્રયે ગયા હોય કે બેટિયાવાસમાં ગયા હોય, તેમનો હાથ એટલો બધો છૂટો કે કોઇ દુ:ખની વાત કરે ત્યાં તેમનું હ્રદય દ્રવી ઊઠે. કોઇને ખબર ન પડે તેવી રીતે મદદરૂપ થતાં રહે. ઉપાશ્રયમાં પણ એટલું જ દાન કરે.

બહેન પાસેથી મને ઘણું જ શીખવાનું મળ્યું છે. એક પ્રસંગ મને યાદ આવે છે. બપોરના સમયે જ્યારે હું દવાખાનામાં કામ કરતો હતો ત્યારે બહેનનો સંદેશો આવ્યો કે દવાખાનું બંધ કરીને બેટિયાવાસમાં વિઝિટે આવો. બપોરના બેનો સમય. ઉનાળો ધોમ ધખે, બહાર ચકલુંય ન ફરકે તે સમયે ઘોડાગાડી લઇ હું બેટિયાવાસમાં ગયો. ત્યાં મેં શું જોયું? વિમળાબહેન ઝૂંપડીમાં એક બેટિયાના પાંચ વર્ષના બાળકને ખોળામાં સુવડાવી માથે પોતાં મૂકી રહ્યા હતાં. મને કહે, “ભાઇ, લોઢું ધગે તેવો તાવ છે. થોડીવાર પહેલાં આંચકા આવતા હતા.” સારવાર પછી છોકરો સારો થઇ ગયો.

વિમળાબહેન બેટિયાવાસને અડીને જ એક બંગલામાં રહેતાં હતા. જ્યાં કોઇ પણ વ્યક્તિ જઇ ન શકે તેવી માછલીઓની વાસ અને દુર્ગંધ મારતા લતામાં સેવાનું કામ હોઇ બાળકની સેવા કરી રહ્યા હતાં. પોતે જૈન એટલે માછલીઓ લટકતી હોય તે જોઇ પણ ન શકે. અનેક બહેનોનાં આંસુ લૂછતા મેં તેમને જોયાં છે. કર્મયોગી કે નિષ્કામ કર્મ અને સ્થિતપ્રજ્ઞ કોઇને જોવા હોય તો વિમળાબહેનને જોવા જોઇએ. ‘સોનલ ફાઉન્ડેશન’ દ્વારા ચાલતા મફત ટી.બી. સેન્ટરમાં પણ તેમનો મોટો ફાળો.

તેમના પતિ ચંપકભાઇનું અવસાન થયુ અને રૂમમાંથી બહાર નીકળતાં તેમનાં સાસુએ પૂછ્યું, ‘ચંપકને કેમ છે?’ વિમળાબહેન બોલ્યાં, ‘તમારા

દીકરા મોટા ગામતરે ગયા.. આજથી હું તમારો દીકરો.' બાળકો બહાર હતા તેમને બોલાવી ખૂબ સ્વસ્થતાથી બધું કામ પતાવ્યું.

બેસતા વર્ષના દિવસે પગે લાગવાનું મારું એક જ સ્થળ અને તે વિમળાબહેન. સંસારમાં રહીને પણ તેઓ જાણે સંસારથી ખરડાયાં નહિ.

## તે ઉત્તમ માનવ બન્યો

ચાલીસ વર્ષ પહેલાંની આ વાત છે. અમારી કુંડલામાં શરૂઆત. સાર્વજનિક દવાખાનામાં મારી મેડિકલ ઑફિસર તરીકે નિમણૂક થયેલી. મહિને રૂ. 300 નો પગાર મળે.

મારા પત્ની ઇન્દિરા બધી બહેનો સાથે સરળતથી હળીમળી જાય. થોડા દિવસમાં ઘણાંની સાથે બહેનપણાં થઇ ગયાં. બહેનો અમારા ઘરે બેસવા આવે. એક દિવસ એક બહેને વાતમાંથી વાત નીકળતાં કહ્યું કે તેમના દીકરાને મૅટ્રિકમાં સારા માર્કસ આવ્યા છે. તેની આગળ અભ્યાસ કરવાની ઇચ્છા છે. પરંતુ અમારી સ્થિતિ એવી નથી જેથી તેનો કૉલેજનો ખર્ચ ઉપાડી શકીએ. આ વાત અમે રાત્રે  બેઠાં હતા ત્યારે મારાં પત્નીએ મને કરી. તેમની ઇચ્છા વિદ્યાર્થીને આગળ ભણાવવાની હતી. મને કહે, “તે વિદ્યાર્થીને રૂ. 60 ની જરૂર છે અને કૉલેજ ફી જુદી.” મને હ્રદયથી ખુશી થઇ એટલે કહ્યું કે, “આપણી આમદનીમાંથી તેને તમારે નિયમિત મોકલવાના, મનીઑર્ડર તમારે કરી આવવાનું.” વાત પાકી થઇ ગઇ.

બસ, વિદ્યાર્થીએ કૉલેજ શરૂ કરી અને કદી મુશ્કેલી પડવા ન દીધી. દર વર્ષે તે સારા માર્ક્સ સાથે જ પાસ થાય. પોલિટૅકનિક કૉલેજમાં અભ્યાસ કરે અને છેલ્લી પરીક્ષામાં પણ તેણે સારા માર્કસ મેળવ્યાં પછી તો તેણે ડિગ્રી કોર્સ પણ કર્યો.

જયારે વિદ્યાર્થી વૅકેશનમાં આવે ત્યારે અમને મળવા અચૂક આવે. તે એટલો બધો નમ્ર અને વિવેકી કે અમને બંનેને ખૂબ વહાલો લાગે. એક તો તેની ઊંચાઇ સારી, શરીર કસાયેલું અને ચાલતો હોય ત્યારે પ્રભાવ પડે. મારાં પત્નીને બેસાડી નિરાંતે દીકરો વાતો કરે તેમ બધી વાતો કરે.

જયારે જયારે મળવા આવે ત્યારે અમે તેને એક જ વાત સમજાવતા કે પ્રમાણિક બનવું અને જયાં કામ કરીએ ત્યાં ખંતથી કરવું. તેને પાસ થયા પછી સારી નોકરી મળી ગઇ. દિવસે દિવસે તે પ્રગતિ કરતો રહ્યો. એક સારી સરકારી કંપનીમાં મૅનેજરના હોદ્દા સુધી પહોંચી ગયો. છતાં મળવા આવે ત્યારે પહેલાં જેટલી જ સરળતા..

તેણે તેના નાના ભાઇઓને ભણાવ્યા. તેના ભાઇઓના દીકરાઓને પણ મદદરૂપ થયો અને સૌને સારા કામધંધે પણ ચડાવ્યા. છતાં મેં કુટુંબ માટે કાંઇક કર્યું છે તેવો કદી મોઢામાંથી હરફ નહિ. આજ બહુરાષ્ટ્રીય કંપનીમાં

ઉચ્ચ હોદ્દા પાર છે. ખૂબ સારો પગાર મળે છે. વારંવાર પરદેશ જવાનું બને છે. પ્રમાણિકતા એટલી જ અકબંધ રાખી છે. તેનો અમને ગર્વ છે.

## સમાજ અને ત્યક્તા બહેન

નર્સના વડા એક દિવસ એક નર્સને લઇને અમારે ઘેર આવ્યા. નર્સનું નામ જયશ્રીબહેન, ઉંમર 30-35 વચ્ચે હશે. જયશ્રીબહેનના પતિએ એક દિવસ તેમના પુત્ર કુણાલ સાથે ઘરમાંથી કાઢી મૂક્યાં. બાળકની ઉંમર 12-13 વર્ષની. તેમના સગાની સલાહથી નર્સિંગ કોર્સમાં જોડાયા.

કુણાલને ભાવનગરના ગુરુકુળમાં સાતમા ધોરણમાં દાખલ કર્યો. ઘરમાંથી નીકળેલા ત્યારે ગળામાં એક સોનાની ચેઇન હતી. તેમાંથી તેમને રૂ. 2200/- મળ્યા. રૂ.600/- બાળકની ફી ભરી. જયશ્રીબહેનને માસિક જે જરૂરિયાત હતી તે આપવાનું અમે સ્વીકાર્યું. કુણાલને સાવરકુંડલાના ગુરુકુળમાં મૂકવા સલાહ આપી, જેથી તેઓ તેની સંભાળ રાખી શકે અને જીવ ઊંચો ન રહે. તેઓ સહમત થયાં અને ભાવનગરથી પુત્રને લઇ આવ્યા.

તેમના પતિને બીજી કોઇ સ્ત્રી સાથે વર્ષોથી સંબંધ હતો જેને કારણે આ સ્થિતિ સર્જાઇ હતી. કુણાલ કુંડલા આવી ગયો. તેને સ્કૂલ ખૂલે ત્યાં સુધી

રાખવાનો પ્રશ્ન હતો. નર્સિંગ સ્કૂલમાં તો રખાય નહિ. અમારે ત્યાં એકાદ માસ રહેશે તેમ નક્કી કર્યું. કુણાલ અમારે ત્યાં રહ્યો. આપણા સમાજની નબળાઇ કહો કે ખણખોદ કહો, દરરોજ દીકરાને જુદા જુદ સવાલો પૂછીને પાડોશીઓ પરેશાન કરતાં. તારી બાને તારા બાપે શા માટે કાઢી મૂક્યાં? તું તેમની સાથે કેમ આવ્યો? તારા બાપુ તને કેમ લઇ જતા નથી? વગેરે... છોકરો આ પ્રશ્નોથી ખૂબ મૂંઝાય અને દરરોજ સાંજના અમારી પાસે રડે. રાત્રે અમારી પાસે સૂઇ રહે. ઊંઘમાંથી જ્યારે પણ જાગી જાય ત્યારે મારા પડખામાં આવીને ભરાઇ જાય અને મને વળગી પડે. તેને જરૂર બીક હશે કે તેના પિતા તેને લઇ જશે.

એકાદ માસ મહામહેનતે અમે પસાર કર્યો. કુણાલ એટલો સરસ ડાહ્યો છોકરો કે હોંશે હોંશે બગીચામાં પાણી પાય અને બોલે ત્યારે પણ એકદમ મીઠડો લાગે. એક દિવસ સ્વામીજીને ફોન કર્યો કે સ્કૂલ ખૂલવાને એકાદ અઠવાડિયાની વાર છે. જો તમે કુણાલને વહેલો દાખલ કરો તો તેનો પ્રશ્ન જે અમને તકલીફ કરે છે તે ન રહે. સ્વામીજી તૈયાર થયા અને કુણાલને ત્યાં મૂકી આવ્યા.

કુણાલ હોંશિયાર હતો એટલે બંને વર્ષ બીજા નંબરે પાસ થયો. આ બાજુ જયશ્રીબહેન પણ નર્સિંગમાં પાસ થઇને જે દિવસે અમને મળવા આવ્યાં

ત્યારે મારા પત્નીને વળગી પડ્યાં અને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં. ખૂબ રાજી થયા.

વર્ષો પછી જ્યારે કુણાલ નવયુવાન થઇ ગયો અને સાવરકુંડલા કોઇના લગ્નમાં આવ્યો ત્યારે અમને મળવા આવ્યો. અમે તેને ઓળખી ન શક્યા. તેણે ઓળખાણ આપી અને અમને ભેટી પડ્યો. અમે તેને જોઇને ખૂબ રાજી થયા. આજે તે એંજિનિયર થઇ ગયો છે. સારી રીતે રહે છે અને માંને સાચવે છે.

## સાસુમા-

અમારા સોનલ ફાઉન્ડેશન દ્વારા અમે ટી.બી. સેન્ટર ચલાવીએ છીએ.

સામાન્ય માણસોને ટી.બી. થાય તો ખર્ચાળ દવાઓ લાંબો સમય તે ન લઇ શકે એટલા માટે અમે તેમને ફ્રી દવા, ત્રણ માસ ગૌશાળામાંથી એક લિટર દૂધ આપીએ છીએ જેથી વ્યક્તિ જલદી સારો થઇ કામ પર જઇ શકે. તેમનું નિદાન પણ અમે કરી આપીએ એટલે તેમને આર્થિક રાહત મળે.

એક દિવસ બે મોટી ઉંમરની બહેનો 18-20 વર્ષની લાજ કાઢેલ દીકરીને લઇને મારા ક્લિનિકમાં દાખલ થયાં. તેનો ચહેરો જોતાં અને ઉધરસ આવતી હતી તે પરથી અનુમાન થયું કે દીકરીને ફેફસાંનો ટી.બી. હશે. છ

માસથી તેને તાવ-ઉધરસ હતાં અને વજન ઘણું ઘટી ગયું હતું. એક્સ-રે, લોહી વગેરે તપાસતાં નિદાન થયું કે તેને બંને ફેફસાંમાં ટી.બી. છે.

ડૉકટરને માટે આવા દર્દની વાત કરવી મુશ્કેલ બને છે. મારી પાસે ઊભાં હતાં તે બહેને પૂછ્યુંકે, “બહેન, આ દીકરી તમારે શું થાય? બહેને કહ્યું કે, “સાહેબ મારે એક જ દીકરો છે અને આ મારી વહુ છે. મારે દીકરી નથી એટલે તેને દીકરીની જેમ જ હું રાખું છું.” તેમને દીકરીના દર્દ વિશે વિગતથી સમજ આપી. તેઓ બેબાકળાં બોલી ઊઠ્યા, “આ દર્દ તેને ક્યાંથી આવ્યું?” એમ બોલતી ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. બીજી મોટી

ઉંમરની બહેને કહ્યુંકે, “હું તેની મા છું. માની આંખો ભીની થયેલી પરંતુ ધ્રાસકો તો સાસુને પડેલો.”

સાસુમાએ મને કહ્યું કે, “સાહેબ, તમે ગમે તે કરો આ દીકરીને સારી કરો નહિ તો મારો દીકરો રખડી પડશે. અમ ગરીબ માણસો પાસે પૈસા નહિ એટલે નાના ડૉકટરોની દવા લીધા કરતાં પરંતુ ગામડામાં કોઇએ તમારૂં નામ આપ્યું એટલે તમ પાસે આવ્યા છીએ.” બહેનને ધીરજ આપી અને સમજાવ્યાં કે દીકરીની સારવાર બરાબર કરશો તો સારી થઇ જશે. દવા સાથે ગાયના દૂધની પણ વ્યવસ્થા થઇ જશે. બહેને આંસુ લૂછ્યાં અને તેને શાંતિ વળી.

દીકરીને મેં કહ્યું કે, “બેટા, તું તો ભાગ્યશાળી છો. આ જમાનામાં તને માથી પણ વધારે લાડ કરાવે તેવાં સાસુ મળ્યાં છે. તારા માટે તેમના અંતરમાં કેટલી લાગણી છે! અમારી દવા અને તેમના આશીર્વાદથી તને સારું થઇ જશે.”

સાસુમાને જ્યારથી પુત્રવધૂના ટી.બી.ની ખબર પડી છે તે દિવસથી તેમની પડખે સુવડાવે છે. દિવસ-રાત તેનું ધ્યાન રાખે છે. દીકરી જલદી સારી થતી જાય છે. અને હવે બંને હસતાં-હસતાં ક્લિનિક પર આવે છે. દવા લઇને મારા બારણા પાસે આવી માથું નમાવી સંતોષ સાથે ઘર તરફ પ્રયાણ કરે છે. તેઓ જ્ઞાતિએ વાલ્મીકિ છે. જન્મથી સંસ્કાર લઇને જન્મેલાં

સાસુ - મા છે. આજે સમય પલટાયો છે. સાસુ-વહુના સંબંધોમાં ઓટ આવી છે, પરંતુ દુનિયામાં મીઠી  વીરડીઓમાં કદી ઓટ આવવાની નથી.

## બચુભાઈ – સેવાના પર્યાય

મારા સંપર્કમાં જે માનવીઓ આવ્યા છે તેમાં એ ભાઈ જુદા પડે. કોઇ તેને વિશે ઘસાતું બોલે છતાં તે કદી કટુ વચન કહે નહિ. દરેક વાતનો સારો અર્થ જ લે. તેમનું વલણ હંમેશાં હકારાત્મક જ હોય. એવા એ –

બચુભાઇ મારા કમ્પાઉન્ડર હતા. 46 વર્ષ પહેલાં કુંડલામાં જ્યારે મેં સાર્વજનિક દવાખાનામાં નોકરી સ્વીકારી ત્યારે બચુભાઇની ઉંમર 20

વર્ષની હશે. ચોવીસ કલાક હસતા મોઢે કામ કરવાવાળાં, પગાર રૂપરડી 44 મળતો. રાત્રે ગામડામાં વિઝિટે જવાનું હોય તો કદી ના પાડવાની વાત નહિ. એક વખતે રાત્રે બે વાગ્યે સંદેશો મોકલ્યો કે તાત્કાલિક ગામડે વિઝિટે જવાનું છે. બચુભાઇ તુરત જ હાજર. ગાડી ચાલુ કરીને જોયું તો બચુભાઇ ધ્રૂજે. તમને તો તાવ છે, તમારે નહોતું આવવું. હું એકલો જઇ આવત. બચુભાઇ કહે, સાહેબ પેરાસીટેમોલની ગોળી લઇને આવ્યો છું એટલે તાવ તો ઊતરી જશે. તમે કહેવરાવો અને હું ન આવું તેવું બને!

અમે છ વર્ષ સાથે કામ કર્યું. રાત દિવસ કામ કરે. દર્દીઓને દવા આપે. પાટાપિંડી પણ કરે, બાટલા ચડાવે. પરગજુ સ્વભાવ એવો કે તેમની

પાસેથી મને પણ ઘણું શીખવા મળતું. ગુસ્સે થતાં મેં તેમને કદી જોયા નથી.

દવાખાનેથી છૂટીને પગ વાળીને બેસે નહિ. લોકો પણ તેમના નાના મોટા કામ માટે બચુભાઇની રાહ જોઇને બેસતા. કોઇને રેશન કાર્ડ કઢાવવાનું હોય, કોર્ટ કચેરીએ જવાનું હોય કે હૉસ્પિટલમાં દાખલ થવાનું હોય, તેમની સાથે જઇને કામ કરાવી આપે, માંદા માનવીની સેવા કરવા પણ તેના ઘરે જાય. કદી કાંઇ લેવાનું નહિ. એવા પ્રસંગોનો પણ મને ખ્યાલ છે જ્યારે તેમની ટૂંકી આમદાનીમાંથી પણ સામેની વ્યક્તિને જરૂર હોય તે પૈસા આપે.

તેમનું ગામમાં એટલું બધું માન કે નાનું મોટું સૌ તેમને ઓળખે. પછી તો સૌ તેમને ‘બચુબાપા’ કહીને બોલાવતા. નાના સહુને બેટા કહીને બોલાવે અને બહેનોને દીકરીથી જ સંબોધન કરે. મામલતદાર કચેરી હોય, પોલીસથાણું હોય, વિકાસ ઑફિસ હોય કે હૉસ્પિટલ હોય બચુભાઇનું દરેક જગ્યાએ એટલું જ માન અને સૌ તેમને માનથી બોલાવે ને તુરત બેસવા ખુરશી આપે. સૌ અધિકારીઓને ખ્યાલ કે પરગજુ માણસ કોઇના ભલા માટે જ આવ્યા હશે. તેમનું કામ સૌ હોંશે હોંશે કરી આપે.

મારી પાસે અનેક ગરીબ દર્દીઓને લાવે. તેમની બધી વ્યવસ્થા ગોઠવી આપે. બચુભાઇને મારે દવાખાને એક આંટો આવ્યા વિના ચાલે નહિ અને

તેઓ જે દિવસે ન આવ્યા હોય તે દિવસે મને ગમે પણ નહિ. દિવસમાં એક વખત તો ચાર આંખો મળવી જ જોઇએ. અનેક કુટુંબોના ઝગડા પતાવતા બચુભાઇને મેં જોયા છે. બીજ પક્ષને તેમના પ્રત્યે એટલું માન કે બચુભાઇ આખરી નિર્ણય આપે તે સૌ માથે ચડાવે અને તેમનો ન્યાય યોગ્ય જ હોય. અનેક કુટુંબો લગ્ન ગોઠવવામાં પણ બચુભાઇને સાથે રાખે. પતિ-પત્નીના અબોલા થયા હોય તો એવો સરસ રીતે રસ્તો કાઢી આપે કે બંને હસતાં હસતાં ઘરે જાય.

અમે વંડામાં આર્ટ્સ – કોમર્સ કોલેજ કરી. ટ્રસ્ટી તરીકે બચુભાઇને પસંદ કર્યા. કોલેજના ખાતમુહૂર્ત પ્રસંગે બિનસાંપ્રદાયિકતા પર એવું સરસ

વકતવ્ય આપેલું કે દાતા ગફૂરભાઇ ઝૂમી ઉઠેલા. તેમને મન કોઇ જ્ઞાતિનો ભેદ ન હતો.

ખાટકીવાસમાં અમારા સોનલ ફાઉન્ડેશન દ્વારા બાલવાટિકા અને સીવણ ક્લાસ શરૂ કરવા હતા. ત્યાંના ભાઇ-બહેનોને સમજાવવા ઘણી ધીરજ જોઇએ તેમ હતી. બચુભાઇનો રણકો, “સાહેબ, તમે કરો. સીવણ ક્લાસ થશે જ.” બાલવાટિકા અને સીવણ ક્લાસ તેમણે સરસ રીતે શરૂ કરાવ્યાં. હ્રદયના બે હુમલા આવી ગયા હતા છતાં દરરોજ મારી ડેલીએથી હાથ દીધા વિના તેમને ચાલતું નહિ. ખાટકીભાઇ-બહેનોને સમજાવી વધારે

બાળકો બાલવાટિકામાં આવે તેવા પ્રયત્નો તેમણે જીવ્યા ત્યાં સુધી ચાલુ રાખેલા.

બચુભાઇ એટલે એક સાદા-સીધા માનવી. ખાદીનાં ઝભ્ભો-લેંઘો પહેરે. જે બોલવું તે જ કરવાનું, કોઇ જાતનું વ્યસન નહિ. ચહેરા પર હંમેશા પ્રસન્નતા. ઘરેથી બચુબાપા નીકળે પછી ઘરે ક્યારે આવશે તેની ઘરનાને ખબર ન હોય. કોઇના કામમાં અટવાઇ જાય તો સવારનું જમવાનું સાંજના પણ બને.

ત્રણે પુત્રો અને પુત્રવધૂઓને ‘બેટા’ થી જ સંબોધન કરે. પુત્રવધૂઓ ‘બચુબાપા’ ને રસોડામાં બેસાડીને જ ગરમ ગરમ રોટલી પીરસે. જમતા

જાય અને પુત્રવધૂઓ પર પ્રેમ વરસાવતા જાય. કુટુંબના સભ્યો વધારે એટલે સહુને કહે, “તમે સૌ તૈયાર થઇ જાવ, મારે ક્યાં કામ છે, હું છેલ્લો તૈયાર થઇશ. “નમ્રતા અને કુટુંબના સૌ માટે પ્રસન્નતા એટલી કે ‘બચુબાપા’ નો બોલ કોઇ ઉથાપે નહિ.

તેમને ગળાનું કૅન્સર થયું. પુત્રો, પુત્રવધૂઓ, પૌત્રો, પૌત્રીઓ સૌએ જ તેમની જે સેવા કરી, તે અવર્ણનીય છે. ચોવીસે કલાક સૌ તેમની સેવામાં હાજર. જ્યારે દર્દ વધતું ગયું, હું જોઉં ત્યારે સૌની આંખો ભીની હોય. ઉનાળાના દિવસો હતા. પૌત્રો પંખો નાખતા હોય, પુત્રવધૂઓ તેમને વહાલપૂર્વક સમજાવી સમજાવીને ચમચી ચમચી ખવરાવતી હોય,

બચુબાપા ચારે બાજુ નજર કરી સૌ પર પ્રેમની વર્ષા કરતા હોય! આ દૃશ્ય આજે પણ મારા સ્મૃતિપટ પર એવું ન એવું જ અકબંધ રહ્યું છે! આ માનવી જાણે સંસારી સૂફી સંત હતો. બચુભાઇને સલામ !

## માનવતાનું ઝરણું

એ દિવસે સાવરકુંડલામાં સતત 36 કલાક વરસાદ વરસ્યો. કુંડલામાં પગ મૂક્યાને 47 વર્ષ થયાં હતાં. બાર મહિનાનો વરસાદ એક અઠવાડિયામાં પડે તેવો આ પહેલો પ્રસંગ હતો. અમારી નાવલી નદી સાવર અને કુંડલાની વચ્ચે આવેલી છે. તેમાં ઘોડાપૂર આવ્યું. ચારે બાજુ પાણી ફરી

વળ્યાં. લોકો બેઘર બન્યા. માટીનાં ઘરો પડી ગયાં. તે દિવસો 29-30 જૂન, 2005ના બુધવાર - ગુરુવાર હતા.

સાવરકુંડલાનો 80% વેપાર નાવલી નદીમાં ચાલે છે. ગામડામાંથી હટાણું કરવા આવતાં લોકો નાવલી નદીમાં રહેલી દુકાનોમાંથી માલ ખરીદે છે. અહીં ફ્રીઝ, ટીવી, અનાજ, લોખંડ, ફર્નિચર, મીઠાઇ, પુસ્તકો, રમકડાં, બૂટ-ચંપલ જે જોઇએ તે બધું જ મળે.

પ્રચંડ પૂર રાત્રે શરૂ થઇ ગયેલું તેના કારણે લોકો તેમની દુકાનનો માલ ખસેડી શકેલા નહિ. પૂરે દુકાનોનાં શટરો તોડી નાખ્યાં. ફ્રીઝ, ટીવી, તેલના ડબ્બા, અનાજની ગૂણો તરવા લાગ્યાં. સૌ બેબાકળાં જોતાં રહ્યાં.

અનેક વેપારીઓની આંખો ભીની થઇ અને અમુક તો બધું લૂંટાયાથી હૈયાફાટ રડવા લાગ્યા. કુદરતના કોપ સામે માનવી શું કરી શકે! નદીમાં 150-200 નાનીમોટી દુકાનો હશે. બધી દુકાનોમાંથી માલ તણાઇ ગયો. રહ્યો ફકત કાદવ અને કીચડ.

આવા દુ:ખદ સમયે ન ગમે તેવાં દૃશ્યો પણ જોવાં મળ્યા. અમુક લોકો પૂરમાં પડીને આ તરતા માલને પોતાને ઘેર લઇ ગયા. બીજા દિવસથી તે માલ સસ્તા ભાવે વેચવો શરૂ કર્યો. સસ્તી વસ્તુ સૌને ગમે તેમ આ બધી વસ્તુઓ ખરીદનારા પણ ઘણા હતા.

પરંતુ તેમાં માનવતાનાં દર્શન થાય તેવાં લોકો પણ હતાં. અમારા સીવણ ક્લાસમાં કામ કરતી બહેનના પડોશમાં તેલના ડબ્બા, ફ્રીઝ, રેડિયો વેચાય. બહેનની આર્થિક સ્થિતિ સામાન્ય. જ્યારે લોકો એ વસ્તુઓ ખરીદતા હતા ત્યારે બહેનના પિતાશ્રીએ કહ્યું કે, “બેટા, આપણાથી એ વસ્તુઓ ખરીદાય નહિ. જે વેપારીઓનો માલ તણાયો હશે તેમની હાય લાગેલી હોય તે માલને આપણાથી અડાય પણ નહિ.”

આવા નાના માનવીઓમાં રહેલી માનવતાનાં દર્શન થાય ત્યારે હૃદય નાચી ઊઠે. પૂર સાથે તેવા બીજા પ્રસંગો પણ  બનેલા. અમે અમારા સોનલ ફાઉન્ડેશન દ્વારા તુરત જ રસોડાં શરૂ કરેલાં. નદીકિનારે રહેતાં

લોકો, નીચાણવાળા વિસ્તારમાં રહેતાં લોકો બેઘર બનેલાં. તેમને સ્કૂલોમાં રાખવામાં આવેલાં. વરસતા વરસાદમાં અમારા કાર્યકર ભાઇઓ અને વિદ્યાર્થીઓ તેમને ફૂડ પૅકેટ પહોંચાડતા  અને દરેક ભાઇ-બહેનને એક-એક જોડ કપડાં તથા માંદગીમાં અમારા કમ્પાઉન્ડર ભાઇઓ સારવાર પણ આપતા.

તે સમયે, જ્યાં ઘરમાં પગ મૂકી ન શકાય, ઘરની દીવાલ તૂટી ગયેલી હોય, તેવો કોઇ કોઇ આર્થિક રીતે નબળા માનવીઓ અમને એમ કહેતા કે ‘સાહેબ, અમે તો ચૂલો સળગાવ્યો છે. જે લોકોને જરૂર હોય ત્યાં તમે ફૂડ પૅકેટ પહોંચાડો.’ ત્યારે મનમાં એમ થતું કે આવા સમયે ‘આવતીકાલનું

ભેગું કરવાની વૃત્તિને બદલે કોઇને મળે' તે ભાવના જોઇને અમને થયું કે માનવીની મોટપ અને ખાનદાનીને બંગલાની જરૂર નથી.

દેવીપૂજક ભાઇઓ-બહેનોને અમે જૂના કપડાં માટે બોલાવેલાં. તેમની પાસેથી 7-8 હજાર કપડાં અમે લોકોએ લીધાં હશે. પરંતુ તેઓ પણ કપડાનાં પોટલાં મૂકીને અમને એમ કહે કે, 'સાહેબ, તમને યોગ્ય લાગે તેમને આપી દો. અમારે કાંઇ કહેવું નથી,' ત્યારે ઉમાશંકર જોશીની પંક્તિઓ યાદ આવી જાય કે,

મોટાની લઘુતા જોઇ થાક્યો,
નાનાની મોટાઇ જોઇ જીવું છું.'

# હસીનાનું નવું જીવન

એક સવારની વાત છે.એક ભાઇ 18-20 વર્ષની દીકરીને તેડીને મારી પાસે લાવ્યા. સાથે ટોળું પણ હતું. મેં તેમને ટેબલ પર સુવડાવવા કહ્યું, “સાહેબ, બહેનને આંચકા આવે છે. આ રીતે તેને કોઇ કોઇ વાર થઇ જાય છે.” લાવનાર ભાઇએ મને ટૂંકમાં વાત કરી. સામાન્ય રીતે આવા કેસમાં બે નિદાન તુરત મનમાં આવે. એક હિસ્ટીરિયા અને બીજું વાઇ. દીકરીને તપાસતાં મને ખાતરી થઇ કે આ કેસ હિસ્ટીરિયાનો છે. તેનાં અમુક ચિહ્નો પરથી અમને પાકો ખ્યાલ આવી જાય. સામાન્ય રીતે દુ:ખ હોય અને

વ્યક્તિ બીજાને ન કહી શકતી હોય ત્યારે સહાનુભૂતિ મેળવવા આ પ્રમાણે થતું હોય છે. સારવાર સહેલી હોય છે. દીકરીને થોડી જ વારમાં સ્વસ્થ કરી એટલે હસવા લાગી. મેં સૂચના આપી કે તેને બીજી રૂમમાં એકાદ કલાક સુવડાવી રાખો. પછી મને પૂછીને લઇ જશો. હસીનાના પતિને ખબર પડી એટલે બરફના ગોળાની લારી કોઇને સોંપીને દોડી આવ્યો. જેવો તે પહોંચ્યો કે ફરીથી હસીનાને આંચકા શરૂ થયા.

ટોળામાંથી તેના નજીકનાં સગાંઓને પૂછતાં વાતની બરાબર ઘડ બેસી ગઇ. ફરી સારવાર આપી. હસીના બેઠી થઇ. થોડીવાર પછી હસીનાને મારી રૂમમાં બોલવી. મેં કહ્યું, “દીકરી, તારું નિદાન તો થઇ ગયું છે હવે ફરીથી ન

થાય તેવી દવા તને આપવાની છે. પરંતુ તને આ પ્રમાણે થવાનું મને કારણ કહીશ તો વાત સરળ બની જશે.”

હસીના નાજુકડી દેખાવડી સુંદર દીકરી હતી. તેની વાત આમ હતી. લગ્નને બે વર્ષ થયાં હતાં. સામાન્ય માણસો, સંયુક્ત કુટુંબમાં રહે. ઘરમાં કોઇ છૂટછાટ મળે નહિ. ઇકબાલ બરફના ગોળાની લારી ચલાવે. તેના માટે પ્યાર ઘણો પરંતુ તે એટલો કામમાં વ્યસ્ત કે હસીનાને બહાર ફરવા કે સિનેમા જોવા લઇ જઇ ન શકે. હસીના સવારમાં તેના માટે લારી બરાબર તૈયાર કરી સાથે પાણી પીવાની બાટલી અને નાસ્તો પણ આપે ને લારી લઇ જતાં બંને એક મીઠી નજર મેળવી લે. ઇકબાલ આખો દિવસ લારી

ફેરવી સાંજે ઘરે આવે ત્યારે થાકેલો હોય. પરંતુ હસીના માટે કોઇને કોઇ વસ્તુ બજારમાંથી જરૂર લાવે. હસીનાને તો ઇકબાલ તેને વધારે સમય આપી શકે તે જોઇતું હતું અને તે માટે જુદા રહેવાનું શક્ય બને તો તેમ કરવા તેનું મન કહેતું હતું.

હસીનાને સમજાવવાનું શરૂ કર્યું, “દીકરી, તને ઇકબાલ માટે ઘણો પ્રેમ છે તે વાત તું કબૂલ કરે છે. તે કોના માટે આખો દિવસ ભૂખ્યોતરસ્યો બરફના ગોળા વેચે છે? તારા પર તેને ખૂબ પ્રેમ છે એટલે દરરોજ નાની આમદાનીમાંથી પણ તારા માટે કોઇને કોઇ વસ્તુ તો લાવે જ છે. સાથે સાથે તું પણ તેનું કેટલું ધ્યાન રાખે છે! દરરોજ તેની લારી તૈયાર કરી

આપે છે, તેના માટે પ્રેમથી નાસ્તો બનાવે છે અને તે જાય ત્યારે બાય બાય પણ કરે છે, દીકરી, બંનેને એકબીજા માટે આટલો લગાવ હોય તો સમય જતાં તે સારું કમાતો થશે અને તમે ઇચ્છો તે પ્રમાણે ખુદા મદદ પણ કરશે. એટલે હવે તેના પર વધારે હેત વરસાવ અને સરસ મજાની લારી તૈયાર કરી આપ જેથી તેને વધારે બરકત આવે.”

હસીનાને વાત ગળે ઊતરી ગઇ. મને કહે, “સાહેબ, તમારી વાત સાચી છે પરંતુ મેં તો તેવું વિચાર્યું જ ન હતું. ઇકબાલ જેમ રાજી રહે તે પ્રમાણે હું કરીશ અને હવે મને કદી હિસ્ટીરિયા નહિ થાય તેવી ખાતરી આપું છું.”

બંને જણાં કોઇકોઇ વાર ક્લિનિક પર આવે છે. અમારી છ આંખો મળે છે અને સૌ હસી પડીએ છીએ. આજે તેમણે નવું મકાન ખરીદ કર્યું છે અને મા-બાપને સાથે રાખી કિલ્લોલથી રહે છે. દાદા-દાદી નાનાં ટાબરિયાંને રમાડતાં હોય છે.

## ઇલા પ્રોફેસર બની

ઇલા 25 વર્ષની છે. તે એક વર્ષની હતી ત્યારે તેના પિતા એરફોર્સમાં કામ કરતા અચાનક ગૂમ થઇ ગયા. આજે પણ તેની માતા, તેના પિતા કોઇવાર બારણે ટકોરા કરશે તેની રાહ જોઇ રહ્યા છે.

સુખી કુટુંબ હતું. નોકરી સારી, પગાર સારો અને મુંબઇમાં એરફોર્સની કોલોનીમાં રહેવાનું. પતિ-પત્ની વાતોએ વળગતાં ત્યારે અનેક સ્વપ્નો જોતાં. પિતા દીકરી ડૉક્ટર બને તેમ ઇચ્છતા. માતા દીકરી કોલેજની પ્રોફેસર બને તેમાં રાજી હતી. પિતા ગૂમ થયા અને સ્વપ્ન રોળાઇ ગયાં. મા સાવરકુંડલાના ગામડાની એટલે ગામડામાં રહેવા આવી ગઇ. નોકરીમાં વધારે સમય નહિ થયેલો એટલે રકમ પણ ખાસ બચી ન હતી. મજૂરી કરવી શરૂ કરી. દીકરીને ભણાવવા માટે કમર કસી. બીમાર થાય ત્યારે મારી પાસે આવે. વાતમાંથી વાત નીકળતાં એક દિવસ તેમણે તેમની કથની મને સંભળાવી. ત્યારથી મને એ મા-દીકરી માટે હેત ઊભરાયું.

દીકરી મૅટ્રિક પાસ થઇ. માર્ક્સ એટલા ન આવ્યા જેથી ડૉકટર બની શકે. તે હોમસાયન્સ કૉલેજમાં દાખલ થઇ. અને બી.એસ.સી. 66% માર્કસે પાસ થઇ. ગામડે ટપાલ એક માસ મોડી મળી  એટલે આગળ ભણવા ક્યાંય એડમિશન મળે તેમ ન હતું. મા-દીકરી અમારી પાસે આવ્યાં. દીકરીને ભણાવવાનું સ્વપ્ન અધૂરું રહ્યું તેનો અફસોસ કરતાં બંનેની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વરસવો શરૂ થઇ ગયો. બહેન મને કહે, “સાહેબ, ગમે તે કરો પણ મારી દીકરીને એમ.એસ.સીમાં એડમિશન અપાવો. તમારા હાથ પહોંચતા છે એટલે તમે  પ્રયત્ન કરો. અમે ક્યાં જઇએ? કોઇને ઓળખતા નથી.”

દીકરી પ્રત્યે પહેલેથી ખૂબ પ્રેમ એટલે જ્યાં જ્યાં હોમસાયન્સ કોલેજો હતી ત્યાં જેને ઓળખતો હતો તે સૌને ફોન કર્યા. સવારથી સાંજ સુધી ફોન ચાલતા રહ્યા. ત્યાં આશાનું કિરણ મળ્યું. અમારા મિત્ર જયંતીભાઇ અંધારિયાએ ફોન પર સમાચાર આપ્યા કે સુરેન્દ્રનગરમાં આ વર્ષે એમ.એસ.સી હોમસાયન્સ શરૂ થયું છે. કદાચ ત્યાં પ્રવેશ મળે. જયંતીભાઇનો ફોન આવ્યો ત્યારે રાતના 11 વાગેલા. સુરેન્દ્રનગર મોટાં બહેન શિક્ષણ ક્ષેત્રમાં વર્ષોથી કામ કરે. તેમને તુરત ફોન જોડ્યો. કહ્યું, “બહેન, મારી દીકરીને એમ.એસ.સીમાં એડમિશન જોઇએ છે. હરિજન દીકરી છે અને 66% માર્ક્સ બી.એસ.સી.માં આવેલા છે.” ભાઇનું કામ હતું એટલે બહેને તો રાત્રે 11.30 વાગ્યે હોમસાયન્સના પ્રિન્સિપાલને વાત

કરી. તેમણે કહ્યું કે એક જગ્યા ખાલી છે જે બીજા દિવસે ભરવાની છે. દીકરી આવી જાય તો તેને એડમિશન મળી જાય.

રાત્રે 12 વાગે ગામડામાં સરપંચને ત્યાં ફોન જોડ્યો કે ભાઇ એક દીકરીના ભવિષ્યની વાત છે તેની બાને ફોન પર બોલાવી આપો. બહેનને ફોન પર વાત કરી કે દીકરીને આવતીકાલે સુરેન્દ્રનગર સવારના 5.30 ની બસમાં મોકલવાની છે. તમારા ભાઇના દીકરાને અત્યારે જ મોટરસાઇકલ પર મારી પાસે મોકલો. જેથી ટપાલ લખી અપું અને ફી પણ ભરતી આવે. રાત્રે તે ભાઇ મારી પાસે આવી કવર લઇ ગયો. બીજા દિવસે દીકરી સુરેન્દ્રનગર પહોંચી અને એડમિશન મળી ગયું. મા-દીકરીએ વૅકેશન

દરમિયાન થોડી રકમ એકઠી કરેલી. પરંતુ માએ પેટે પાટા બાંધીને દીકરીને મોટી કરી હતી એટલે તે રકમ ન વાપરવા સમજાવ્યાં. ઇલા ત્યાં પણ વિદ્યાર્થિનીઓ સાથે એક રૂમ રાખી રહેવા લાગી. એમ.એસ.સીમાં પ્રથમ વર્ગમાં 64% માર્કસ લાવી પાસ થઇ.

હવે નોકરીની ચિંતા હતી એટલે મને કહે સાહેબ, ખાનગી પ્રાથમિક શાળામાં પણ થોડા પૈસે નોકરી મળતી હોય તો અપાવો. ઇલાના નશીબ જોર કરતા હતા. તેને અમારી કૉલેજમાં જગ્યા ખાલી હોઇ હોમસાયન્સમાં પ્રોફેસર તરીકે સર્વિસ મળી. એક વર્ષમાં તેણે સારી રીતે વિદ્યાર્થીઓને ભણાવ્યું.

આજે તે બી.એડ. કરવા ગઇ છે. હોંશિયાર છે એટલે સારા ગુણ મેળવી પાસ થશે. પરંતુ અમારી તો ઇચ્છા તેને પ્રોફેસર કરવાની છે અને તે માટે પ્રયત્નો પણ ચાલુ છે. આવી તેજસ્વી દીકરી એક દિવસ પ્રોફેસર બની પ્રિન્સિપાલ બનશે તેવાં સ્વપ્ન અમે જોઇ રહ્યા છીએ.

## નાના માનવીની મોટી વાત-

સિત્તેરી વટાવી ચૂકેલા એક વૃદ્ધ દાદા સવારના પહોરમાં લારીમાં સામાન ભરેલો અને ઢાળ ચડી રહ્યા હતા. સવારના હું ટેનિસ રમીને ઘર તરફ

જતો હતો. તેમને ઢાળ ચડાવતાં કષ્ટ પડતું જોઇને મેં ચાલ ઉતાવળી કરી અને તેમને આંબી ગયો.

શરીર તદ્દન એકવડિયું, માથે ફાળિયું બાંધેલ, આંખોમાં થાક, દાઢી દુલા કાગ જેવી, બોખા મોઢાને કારણે ગાલ બેસી ગયેલા, દાદા પસીને રેબઝેબ. મેં તેમને હાથ આપ્યો અને લારી ઢાળ ચડી ગઇ.

મેં પૂછ્યું, દાદા, તમારે આ ઉંમરે કેમ કામ કરવું પડે છે? દાદાની આંખ ભીની થઇ, કહે, સાહેબ, દીકરાને હમણાં પરણાવ્યો છે. કામધંધા વગરનો બેઠો છે ઘરમાં અમે ચાર જણા છીએ, એટલે કામ તો કરવું જ પડે ને! દાદાની આંખોમાં દર્દ ભારોભાર હતું. તેમને મદદરૂપ થવાનું મન થયું.

પૂછ્યું, “દાદા, લારી તમારી છે કે ભાડે લીધેલી છે?” દાદા કહે, સાહેબ દરરોજના રૂપિયા દસ ભાડાના આપું છું. રોજના 20-25 રૂપિયા મળી રહે છે. મેં કહ્યું, લારી તમારી હોય તો દરરોજ કેટલા મળે? તો તો સાહેબ 35-40 સુધી પોગી જાઉં. તેમને નવી લારી માટે વાત કરી તો કહે, સાહેબ, આ લારી મને ફાવી ગઇ છે. મેં કહ્યું, કાલે કિંમત પૂછીને મને વાત કરજો. બીજા દિવસે રૂ. 1600/= માં તેમને લારી અપાવી.

બીજા દિવસે શાક - બકાલુ લઇને વૃદ્ધ દંપતી મારે ઘેર આવી પહોંચ્યા. કહે, જોઇ તેટલું બકાલું લઇ લ્યો, સાહેબ, તમે તો લારી અપાવીને અમારો ભવ સુધારી દીધો. આઠ દિવસ ચાલે તેટલું શાક લેવા પત્ની ઇન્દિરાને

સૂચના કરી. પૈસા લેવા તૈયાર જ ન થાય એટલે દાદાને કહ્યું કે આજે અમારે તમને શુકન કરાવવા છે એટલે તમારાથી ના ન પડાય. તેમને ન ગમતી વાત સ્વીકારી બંને રાજી થતાં નીકળી પડ્યા. કોઇ કોઇ વાર રસ્તે મળી જાય ત્યારે અહોભાવ વ્યક્ત કરતા.

તે વર્ષે વરસાદ મોડો હતો. અમે સાંજના ફરવા જતાં હતાં અને દાદા મળી ગયા. મેં પૂછ્યું, “કેમ ચાલે છે?” “સાહેબ, અમે બધા સુખી છીએ. દીકરાને આછું પાતળું કામ મળી રહે છે અને વહુ દાડીએ જાય છે. વરસાદ વરસતો નથી એટલે માતાજી પાસે અખંડ ધૂન શરૂ કરી છે. જો તેની કૃપા થઇ જાય અને વરસાદ ટેમસર થઇ જાય તો માતાજીને 1 મણ

લાપસી માની છે. સાહેબ, આ તાપમાં પહુડા ભૂખે મરે છે. ઢોરનાં બાંવરકા સંભળાતા નથી ને જોયું જાતું નથી.”

કુદરતે બે દિવસમાં જ અમી છાંટણાં કર્યાં. દાદા હરખુડા થતા પ્રસાદી આપવા આવ્યા. કહે, માતાજીએ રેમ કરી છે. પ્રસાદી લઇ તેમને રાજી કર્યાં. આવા માનવીઓમાં બીજા માનવીઓ, પશુપંખીઓ માટે અનુકંપા જોઇને થયું કે ઇશ્વરને આવા ભદ્રિક માનવીઓની નિર્મળ ભક્તિ જરૂર પહોંચે છે.

# પરોપકારી જીવ

દિલાવરી રાય કે રંકના ભેદ પાડતી નથી. સદ્ધર માણસ જે ન આપી શકે તે સામાન્ય માણસ પાસેથી મળતું હોય છે. દિલ દિલાવરી હોવી તે ઇશ્વરની આપેલી ભેટ છે.

સોના તેનું નામ, દૂબળી પાતળી, હાથે, મોઢે, ગળે – છૂંદણા એવી 16-17 વર્ષની છોકરી. હજુ તેણે જીવનના આટાપાટા નહિ જોયેલા. મીઠું મીઠું બોલે ત્યારે ફૂલ ઝરે. નાનું એવું તેમનું ઘર. તેના લત્તામાં કોઇ માંદું હોય તો તેની સેવા કરવામાં લાગી જાય. કોઇને દવાખાને લઇ જવાના હોય તો સોના તૈયાર થઇ જાય. આજુબાજુના લોકોનું કોઇ કામ હોય તોપણ ઘરે

જઇને કરી આવે. પરોપકારી જીવ, અમારે ત્યાં દૂધ દેવા આવે એટલે અમારી જાણીતી.

રવિવારનો દિવસ હતો. સૂર્યનારાયણ ધીમે ધીમે ઉપર ચડતા હતા. મારે આજે રજા હોઇ હું ઘરમાં જ હતો. બારણાને અઢેલી સોના મારાં પત્ની સાથે વાતો કરી રહી હતી. કોઇ વસ્તુ લેવા આવી હોય તેવો અણસાર મને આવ્યો. હું તેમની વાતોમાં ભળ્યો. મેં પૂછ્યું, “સોના બેટી, કેમ આવી છો?” તેણે વાત આ પ્રમાણે કરી, “સા’બ એક ખેડૂત તેનો બળદ ખાટકીને વેચે છે.” એ વાત મેં સાંભળી. મેં કહ્યું, “આવો સરસ બળદ ખાટકી-વાડે ન જવા દેવાય.” અમે ખેડૂતભાઇને બળદ ન વેચવા વિનંતી કરી. ખેડૂતે વાત કરી

કે પૈસાની ખૂબ જરૂર છે. મજબૂરીથી આ કામ કરવું પડે છે. તેની આંખોમાં આંસુ આવી ગયાં અને તે ગળગળો થઇ ગયો.

સોનાની સ્થિતિ પણ સામાન્ય, દૂધના દનૈયા ભરે. આગળપાછળ અમારી પાસેથી 200-500 રૂપિયા લઇ જાય અને તેમાં તેનું ગાડું ગબડ્યા કરે. “બાપા, આ બળદ આપણે લઇ લો અને રૂ.110 આપી દો. હું બહેન પાસેથી જઇને પૈસા લાવી દઉં છું. પછી આપણે ગૌશાળામાં મૂકી આવીશું.”

સોના મારાં પત્ની પાસે પૈસા લેવા આવી હતી. બંને જણા વચ્ચે સારી દોસ્તી, સોનાને કોઇ દિવસ ના ન કહે. સોના કદી ખોટું બોલે નહિ એવો

પૂર્ણ વિશ્વાસ. મારાં પત્નીએ પૈસા આપીને કહ્યું, “બેટા,તેં ખૂબ સરસ કામ કર્યું. તારે મને પૈસા પાછા આપવાની જરૂર નથી.” પુણ્ય સોનાને મળ્યું.

આવા ગરીબ લોકોમાં કેટલી માનવતા હોય છે તે હું જોઇ રહ્યો. એવા ઘણા પ્રસંગો મારા જોવામાં આવ્યા છે જ્યાં નાના માણસોની મોટાઇ હું જોઇ શક્યો છું

# ગાંધીજીના દર્શનને સેવનાર – ગકુરભાઇ બિલખિયા

સાવરકુંડલામાં 1959માં પગ મૂક્યો ત્યારથી ગકુરભાઇ સાથે પરિચય. તે વખતે ડૉકટરની વધારે સુવિધાઓ નહિ એટલે ગમે તે દર્દ માટે અમારે ગામડાની વિઝિટમાં જવું પડતું.

ગકુરભાઇ કોંગ્રેસના જાગ્રત કાર્યકર લોકોના દિલ સુધી પહોંચેલા એટલે વંડા આસપાસના પંથકમાં મારે વિઝિટે જવાનું થાય ત્યારે મારે ગકુરભાઇના સમાચાર આવે. તે સમયે વાંશિયાળીમાં એક મંડળી ચાલે. તેમની પાસે એક જીપ હતી. સપ્તાહમાં ત્રણ-ચાર વખત તો જીપ મને તેડવા આવે જ. ઘણીવાર રાતનો સમય હોય. જે કામે આવ્યા હોય તે

દર્દીની સારવાર કરી અને ખેતરોમાં લઇ જાય ત્યાં શેરડીના વાઢ ચાલતા હોય અને સૌ પોંક વગેરે ખાઇએ અને આનંદ કરીએ.

સમય વીતતો ગયો અને ગકુરભાઇના પુત્રોએ વાપીમાં ઉદ્યોગ શરૂ કર્યો અને થોડાં વર્ષોમાં ગકુરભાઇ પણ ત્યાં રહેવા ગયા. પુત્રો કઠિન પરિશ્રમ કરી સફળ થયા અને એક કર્તવ્યનિષ્ઠ ઉદ્યોગપતિની કીર્તિ મેળવી. વાપીની બધી અમીરાત - વૈભવ હોવા છતાં ગકુરભાઇઅ વંડાને ભૂલ્યા ન હતા. ખુદાની અમારા ઉપર રહેમ છે તો અમારે વતન (વંડા) માટે કંઇક કરવું જોઇએ. સૌથી વધારે તેમને એક જ વિચારે ઘેરી લીધા કે ત્યાં રહેતી દીકરીઓ કોલેજ સુધીનું શિક્ષણ મેળવે માટે દીકરીઓ માટે વિદ્યાલય ઊભું

કરવું. તેમના પરિવારનાં બધાં લોકોએ આ વિચારને વધાવી લીધો. અમારી મિટીંગ યોજાઇ. સર્વાનુમતે નક્કી કર્યું કે જો બળકોમાં સારા સંસ્કાર લાવવા હોય તો આર્ટ્સ કૉલેજ કરવી. આ શુભ વિચાર તરત અમલમાં મુકાયો. જમીન ખરીદ કરવામાં આવી અને કૉલેજ કરવાની જવાબદારી મારા અને અમારા બંનેના મિત્ર ડૉક્ટર મગનભાઇ પટેલ ઉપર આવી, તે સમયે અમને કૉલેજ કરવાનો અનુભવ નહિ, પરંતુ અમે સહર્ષ વાત સ્વીકારી. સંતશ્રી મોરારિબાપુના હસ્તે ભૂમિપૂજન થયું ને ફક્ત છ માસમાં કૉલેજનું ભવ્ય મકાન થઇ ગયું.

ગકુરભાઇનું એક સ્વપ્ન કે મારી દીકરીઓને હું એટલું શિક્ષણ ન આપી શક્યો જેટલી મારા મનની ઇચ્છા હતી એટલે ગામની દીકરીઓને કૉલેજમાં પ્રવેશ અપાવી પુત્રીઓને ઉચ્ચ અભ્યાસ માટે જતી જોઉં તે શમણાંને તેઓ સાચું પાડવા મથતા હતા. ગામડા ગામમાં જેની વસ્તી ફક્ત પાંચ હજારની હોય ત્યાં કૉલેજ થશે તે કોઇ સ્વપ્ને પણ માનવા તૈયાર નહિ, પરંતુ ત્યાં કૉલેજ થઇ અને આ સૌનું સ્વપ્ન સાકાર થતું જોઇ રહ્યાં. જે માવતરે કદી કલ્પના નહિ કરી હોય કે, મારી દીકરી કૉલેજમાં જશે તે વાલીઓ પુત્રીને કૉલેજમાં જતી જોઇ આનંદ અનુભવતા હતા. 2001માં કૉલેજ શરૂ થઇ. વિદ્યાર્થીઓની સંખ્યા દિનપ્રતિદિન વધતી ગઇ. સારા પી.એચ.ડી. થયેલા અધ્યાપકોની નિમણૂક કરવામાં આવી અને

પ્રકૃતિમય વાતાવરણમાં દીકરા-દીકરીઓ શિક્ષણ લઇ જીવનને સંવારી રહ્યાં છે. આજે કૉલેજની કીર્તિ એટલી વધી છે કે બહારથી લોકો કૉલેજ જોવા આવે છે. વિદ્યાર્થીઓને સવારના ૮થી સાંજના 4 સુધી શિક્ષણ આપવામાં આવે છે. અધ્યાપકો પણ સવારના ૮થી સાંજે 5 સુધી કાર્યરત રહે છે. કૉલેજનો દરેક વિદ્યાર્થી અંગ્રેજી બોલી શકે અને કમ્પ્યુટરનો ઉપયોગ કરી શકે એ પ્રમાણે શિક્ષણ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓ B.A. ની પરીક્ષા આપે અને સાથે M.B.A., M.S.W. માં જવા માટેની તૈયારી પણ કરતા રહે. અત્યારે અમારાં ઘણાં દીકરા-દીકરીઓ M.B.A., M.S.W.નું શિક્ષણ લઇ રહ્યાં છે.

મારા મનમાં એક વિચાર હતો કે કૉલેજમાં જૂના વખતના ગુરુકુળ જેવું વાતાવરણ થવું જોઇએ એટલે કૉલેજના પરિવેશમાં મકાન બાંધકામ સાથે ઉદ્યાનની શરૂઆત કરી. વૃક્ષોના રોપાઓની રોપણી કરી. પરિણામે આજે કૉલેજમાં 500 વૃક્ષો શ્વસી રહ્યાં છે. આજે કૉલેજના વિદ્યાર્થીઓને રોપાઓ દત્તક આપવામાં આવે છે અને છાત્રોને આજના વૈશ્વિક તાપમાનના કપરા કાળમાં પ્રકૃતિપ્રેમી બનાવી કુદરતનું જતન કરવાની દીક્ષા પણ આપવામાં આવે છે. અમે કૉલેજનું મકાન એવી રીતે બાંધ્યું કે કૉલેજના કોઇ પણ રૂમમાંથી પ્રકૃતિદર્શન થઇ શકે છે.

આવા સુંદર શૈક્ષણિક વાતાવરણને પરિણામે આજે કૉલેજનું 100% પરિણામ આવે છે. ગફુરભાઇની એવી નેમ છે કે કૉલેજકાળ પૂરો કરી જે વિદ્યાર્થી બહાર પડે ત્યારે તે ઓછામાં ઓછું 10 હજાર રૂપિયા જેટલું કમાઇ શકવો જોઇએ. આજે તેઓ વાપીમાં બેઠાબેઠા આ સ્વપ્ન જોઇ રહ્યા છે. વારંવાર તેઓ કૉલેજની મુલાકાતે આવે છે. હૈયામાં હરખની હેલી લઇ વાપી જાય છે. અમે સૌ તેમાં સહભાગી થયા તેનો અમને આનંદ છે.

# ત્રણ દીકરીઓ

અમારા ‘સોનલ ફાઉન્ડેશન’ દ્વારા અમે ટી.બી. ની સારવાર ફ્રી આપીએ છીએ. સામાન્ય રીતે અમારે ત્યાં આવતા દર્દીઓની આર્થિક સ્થિતિ સારી નથી હોતી. તે કારણે દરેક દર્દીને અમે અહીંની ગૌશાળાનું ગાયનું એક લિટર દૂધ પ્રથમ ત્રણ માસ ફ્રી આપીએ છીએ. ગામડાના દરેક દર્દીને એક પ્રોટીન પાઉડરનો  ડબ્બો આપીએ, જેથી તેઓ જલદી સારા થઇ કામ પર જઇ શકે.

નવેમ્બર 2005માં એક જ અઠવાડિયામાં ત્રણ દીકરીઓ આવી. ત્રણેયની ઉંમર 18-20 વર્ષની હશે. ત્રણે પરણેલી. એક દીકરીને બે બાળક અને

બીજી બે દીકરીઓને એક-એક બાળક છે. ત્રણે દીકરીઓનાં વજન 30-32 કિલોગ્રામ અને ઊંચાઇ 4’-9” થી 4’-10” જેટલી હશે. ત્રણેને બંને ફેફસાંમાં ટી.બી. અને તેમાં કાણાં પણ પડેલાં. તેમની સારવાર તેમના માતા-પિતાને ત્યાં આવ્યા પછી શરૂ થઇ શકી. પતિ કે સાસુ-સસરાની કોઇ ફરજ ખરી? હજુ તો પરણવા જેવડી ન હોય છતાં પરણીને સાસરે જાય ત્યારે તેમનાં હૃદયમાં કંઇ અરમાનો રમતા હશે. પરંતુ સાસરીએ તો ગાંસડો એક કામ કરવાનાં હોય. તાવ-ખાંસી હોય તોપણ કામ તો કરવું જ પડે. વહુથી બીમાર હોય તોપણ સૂઇ તો ન જ રહેવાય. આ પરિસ્થિતિમાં તેઓ જયારે આવી મોટી બીમારીમાં સપડાય ત્યારે તેમના અરમાનોના ભૂકા બોલી જાય.

આ ત્રણેય દીકરીઓની સરવાર ચાલે છે. ત્રણે ડાહી છે અને વ્યવસ્થિત સારવાર કરે છે. ત્રણેયને કુદરતે કુદરતી હાસ્ય આપ્યું છે, બીમાર છે પરંતુ ગોદમાં બાળક રમે છે એટલે બાળકની મુસ્કુરાહટ તેમને જિવાડે છે. શરૂઆતથી જ તેમને ટી.બી. ની ચારે દવા અને તેનાં ઇંજેકશનો પણ અપાય છે.

જેમ જેમ દિવસો જતા જાય છે તેમ આ કરમાયેલાં ફૂલો ખીલતાં જાય છે. દરરોજ ઇંજેક્શન લેવા આવે એટલે ત્રણેની વાતો સાંભળવા મળે. દીકરીઓ ખુશ, ડૉક્ટર ખુશ અને ઇંજેક્શન આપનાર નર્સ બહેન પણ ખુશ! આ દીકરીઓના દર્દને મટાડતા એક વર્ષથી વધારે સમય લાગશે તેમ

મારું માનવું છે. ત્રણેયનાં વજન વધવા લાગ્યાં છે. સારવાર પૂરી થશે ત્યારે સારું એવું વજન પણ વધી ગયું હશે. તદ્દન સારી ન થાય ત્યાં સુધી પતિઘરે ન જવાની મેં શરત કરી છે. ત્રણેને એવાં ઘર મળ્યાં છે કે જ્યાં તેઓ હંમેશાં તંગીમાં જ દિવસો પસાર કરતા હોય, ત્રણેય પતિદેવોએ પણ મારી વાત સ્વીકારી છે. ત્રણે દીકરીઓને વિશ્વાસ છે કે તેઓ સારી થઇ જશે એટલે દવાખાને ઇંજેક્શન લેવા આવે ત્યારે મલકાતી જ હોય છે. આવા કરમાતાં ફૂલો ખીલતાં રહે તેનો વધારે આનંદ ડૉક્ટરને હોય છે.

# 'ચારણ કન્યા' જેવી દીકરી

નયનાની ઉંમર 15 વર્ષની. બહાદુરીને ઉંમર સાથે કાંઇ થોડો સંબંધ છે ? આદસંગના ખેડૂત ગુણવંતભાઇ સુહાગિયાની તે દીકરી. તા. 12-5-'97નો દિવસ છે. ગુણવંતભાઇ તેમના ખેતરે કુટુંબ સાથે કામ રહ્યા છે. સાંજ ઢળવા તરફ છે. સૂર્યનારાયણ ડૂબું ડૂબું થઇ રહ્યા છે. તે વખતે ગુણવંતભાઇ ઢોર માટે મકાઇ વાઢતા હતા ત્યારે તેમની દીકરીને તરસ લાગવાથી નળ પાસે પાણી પીવા ગઇ. પાણી પીને પાછી ફરતાં તેણે કાળમુખા દીપડાને જોયો. દીપડો તો તેનો ઇરાદો લઇને આવ્યો હતો. તેણે કૂદીને ગુણવંતભાઇના માથાને પકડ્યું. અચાનક આવા હુમલાથી

ગુણવંતભાઇએ રાડ પાડીને સહુને દૂર રહેવા કહ્યું. પોતાનું જે થવું હશે તે થશે પણ કોઇ નજીક ન આવે. તેમણે દીપડાના પગ પકડી લીધા અને ધક્કો માર્યો. દીપડો એક બાજુ પડી ગયો. તેમણે તેમનો બૂટવાળો પગ દીપડાના મોંમાં ખોંસી દીધો.

નયના પિતા અને દીપડાની ઝપાઝપી જોતી હતી તે કેમ ઊભી રહે? ગમે તેમ એ સૌરાષ્ટ્રની ભૂમિનું સંતાન. તેણે દોડીને દીપડાના પાછળના પગ પકડી લીધા અને જોરથી ખેંચવા લાગી. પિતાને બચાવવા આ દીકરીએ પોતાનો જાન જોખમમાં મૂક્યો. આથી દીપડો ખૂબ ગુસ્સે થઇ છીંકોટા નાખવા લાગ્યો. તેના આગલા પગથી ગુણવંતભાઇના શરીરે નહોર

ભરાવવા લાગ્યો. કેટલોય વખત આ ઝપાઝપી અને ખેંચતાણ ચાલી. ગુણવંતભાઇના શરીરે લગભગ સોએક જગ્યાએ નહોર બેસી ગયેલા અને શરીર લોહીલુહાણ હાલતમાં. દીકરીની બૂમાબૂમ અને રાડારાડથી સેમમાંથી બીજા લોકો દોડી આવ્યા. ત્યાં સુધી નયનાએ દીપડાના પગને જોરથી પકડી રાખેલા તે છોડાવવા મથતા દીપડાને સહેજે મચક નહોતી આપી. લોકો આવી જતા દીપડો ભાગી ગયો.

ગુણવંતભાઇના ભાઇ પણ આ સમયે હાજર હતા પણ તેઓ તો દીપડાને જોઇ હેબતાઇ ગયા ને તેને કારણે  તેમનો અવાજ જ જતો રહેલો તે ત્રણ

દિવસે પાછો આવ્યો. આ દીપડો તે કુત્તી દીપડો ન હતો પણ સિંહ દીપડો હતો. તે બહુ મોટો અને ખુન્નસથી ભરેલો હોય છે.

ગુણવંતભાઇને ઘણી ઇજાઓ થયેલી, લોહી વહી જવાથી બેભાન થઇ ગયેલા. હૉસ્પિટલે લઇ ગયા. ઘણા ટાંકા-સારવાર લીધા. ફ્રેક્ચર પણ થયેલું, દીકરીએ જો આટલી બહાદુરી ન બતાવી હોત કે સમયને પારખ્યો ન હોત તો કદાચ તેને પિતા ગુમાવવા પડત.

પ્રાથમિક શાળામાં સાત ચોપડી ભણતી આ દીકરી સન્માનને યોગ્ય હતી અને ધન્યવાદને પાત્ર હતી.

# તબીબ થવાનું સ્વપ્ન સાકાર કરતો વિદ્યાર્થી

સાવરકુંડલામાં એક સાર્વજનિક છાત્રાલયનું સંચાલન હું કરી રહ્યો હતો. મારી એક માન્યતા રહી છે કે ખેતમજૂરોનં બાળકો ખડતલ અને હોંશિયાર હોય છે. જો તેમને પ્રથમથી જ યોગ્ય રાહ મળી જાય તો તેઓ જરૂર અભ્યાસમાં આગળ આવે. મારા છાત્રાલયમાં 80% કરતા વધારે વિદ્યાર્થીઓ હરિજન હતા. આ વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણ આપી ઉચ્ચ અભ્યાસ માટે મોકલવા તે મારું સ્વપ્ન હતું. અમારા સોનલ ફાઉન્ડેશન દ્વારા ટ્યુશનો અને અન્ય શૈક્ષણિક આયોજનોથી 15% પરિણામમાંથી 100% પર અમે પહોંચી ગયા હતા. તેમાંથી ચાર-પાંચ વિદ્યાર્થીઓ ઘણા

તેજસ્વી હતા. તેમને ઉચ્ચ અભ્યાસ અર્થે લઇ જવાની મારી નેમ હતી. વર્ષો વર્ષ તે રીતે વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે જાય તેમ હું ઇચ્છતો હતો.

એક તેજસ્વી વિદ્યાર્થી મારી નજરમાં આવ્યો. તેને ધોરણ 9 માં 85% માર્કસ આવેલ. તે ડૉક્ટર બનવાનાં સપનાં જોઇ રહ્યો હતો. તેનું ગામ કુંડલાથી 12 કિમી. દૂર હતું. વારંવાર તેના ઘરે આવવા મને આગ્રહ કરતો હતો. એક વખત મારાં મોટાં બહેન મારે ત્યાં આવ્યાં હતાં. તેમને આ વિદ્યાર્થી વિશે વાત કરી અને સાર્વજનિક હૉસ્ટેલ પણ બતાવી. તેમને પણ આ વિદ્યાર્થીમાં રસ પડ્યો. અને અમે તેના ઘરે ગામડે ગયાં. ઘરની

પરિસ્થિતિ અમે પામી ગયાં. બહેને મને કહ્યું, “ભાઈ, આ ડૉક્ટરીવાળી વાત છોડી દો. એને કોઇ બીજા ટૂંકા અભ્યાસક્રમમાં જોડી દો, જેથી એ જલદીથી એનાં કુટુંબની લાકડી બની શકે.”

વિદ્યાર્થી તો ડૉક્ટર બનવાના સપનાં જોવામાં મશગૂલ હતો. તેને અમે અમરેલી શાળામાં દાખલ કર્યો. ત્યાં ટ્યુશન વગેરેની બધી વ્યવસ્થા કરી. તેણે મહેનત પણ ખૂબ કરી અને 67% માર્કસ મેળવી બારમા ધોરણની પરીક્ષા પાસ કરી. ડૉકટરી અભ્યાસમાં તેને પ્રવેશ મળી ગયો. ડૉકટરની એમ.બી.બી.એસ. પરીક્ષામાં આ વર્ષે ઉત્તીર્ણ થયો. તેણે મને જામનગરથી ફોન પર સમાચાર આપ્યા ત્યારે તેના પાસ થયાનો ઉત્સાહ કેટલો હશે તે

હું માપી શક્યો. અમને બંનેને ખૂબ આનંદ થયો. એને પત્ની પણ એમ.બી.બી.એસ. થયેલી મળી છે. બંને નોકરી કરે છે અને સારું કમાય છે.

એક સામાન્ય ટેકો મળવાથી એક કુટુંબ તરી ગયું. તેનામાં અને તેનાં કુટુંબમાં નવું તેજ આવ્યું છે. આવા ઘણા તેજસ્વી વિદ્યાર્થીઓ આર્થિક મુશ્કેલીને કારણે ઉચ્ચ અભ્યાસ કરી શકતા નથી. સરકાર સ્કૉલરશિપ આપે છે પરંતુ તે પૂરતી હોતી નથી. આ પ્રશ્ન સમાજ વિચારે. દરેક બાબતે સરકાર તરફ દૃષ્ટિ ન કરતાં સમાજ જો મદદરૂપ થાય તો અનેક બાળકોનાં જીવન મઘમઘી ઊઠે.

# બહાદુર દીકરી

ગીતા એનું નામ. ઉંમર 16 વર્ષની. સાવરકુંડલા તાલુકાનું ઓળિયા તેનું ગામ. નાનકડી છોકરી પણ તરવરાટ જબરો. ચહેરા પર ચમક, આંખો મોટી, બોલે તો ફૂલ વેરાય. અમારે ત્યાં સીવણ ક્લાસ ચાલે છે. બહેનો પગભર થાય તે હેતુથી સીવણ મફત શીખવવામાં આવે છે. સીવણ શીખવા દરરોજ ઓળિયાથી સાવરકુંડલા આવે.

અમારા ઘરને અડીને જ દૂર ખાડી છે. ત્યાં એક કૂતરું મરી ગયેલું. ખૂબ દુર્ગંધ મારે. બહેનો સીવણ ક્લાસમાં બેસીને કામ ન કરી શકે. દરરોજ મ્યુનિસિપાલિટીમાં ફોન કરીએ, પણ જવાબ કોઇ ન આપે. ત્રણ દિવસ

પસાર થઇ ગયા. ત્રીજા દિવસે બેસી ન શકાય તેવી તીવ્ર વાસ આવે. બે ત્રણ બહેનોને ઊલટી પણ થયેલી.

તેના મમ્મી (મારાં પત્નીને બધી દીકરીઓ મમ્મી કહીને બોલાવે છે) પાસે આવીને ગીતા કહેવા લાગી, “મમ્મી, હું ખાડીમાં ઊતરી કૂતરાને દૂર લઇ જઇ દાટી આવું તો?” તો મારા પત્ની ઇન્દિરાએ કહ્યું, “આવું કામ કરવાનું તને કેમ કહેવાય?” ગીતા તે કામ કરવા તૈયાર થઇ. સાથે ત્રણ-ચાર છોકરીઓને પણ લેતી ગઇ. ચાર જણાની ટુકડી ઊપડી. કૂતરાના ગળામાં સિંદરીનો ગાળિયો બનાવી નાખ્યો. દૂર ઢસડીને લઇ ગઇ. એક ખાડો ખોદી કૂતરા પર ફિનાઇલ છાંટી દીધું. આ બધું કામ ફક્ત ગીતાએ

એકલીએ જ કર્યું. હસતાં હસતાં સૌ ઉપર આવ્યાં. જે કામ કરવા કોઇ તૈયાર ન હતું તે કામ ગીતાએ કર્યું એટલે એક માસ પછી કોઇને ખબર ન પડે તેમ બધી છોકરીઓને ભેગી કરી (અમારે ત્યાં સામાન્ય રીતે 100 બહેનો તો હાજર હોય જ.) અને ગીતાની બહાદુરી અને જાહેર કાર્ય કરવાની સેવાભાવના બદલ તેનું સન્માન કર્યું અને સીવવાનો સંચો ભેટ આપ્યો. ભારતને આવાં ગુણશીલ, હિંમતવાન બાળકો, કિશોર-કિશોરીઓ, યુવાનોની જરૂર છે.

# પૌત્રના શબ્દોએ....

સાવરકુંડલામાં પગ મૂક્યો ત્યારથી એક કુટુંબ સાથે મારે પરિચય. શરૂઆતમાં એ કુટુંબની સ્થિતિ સારી નહિ. નબળી આર્થિક પરિસ્થિતિને કારણે એક સાંધે ત્યાં તેર તૂટે. તેમને પાંચ પુત્રો. મુશ્કેલીઓ વેઠીને પણ તેમણે તેમને ભણાવ્યા. એક પછી એક દીકરા નોકરીએ લાગી ગયા. એક-એક પરણતા ગયા તેમ જુદું ઘર રાખીને રહેતા થયા. બહેન તો પુત્રવધૂઓની સુવાવડ એક પછી એકને ત્યાં આવ્યા કરે એટલે સતત કામમાં રહેતાં. તેમને નિરાંત ન મળે. મોટો દીકરો થોડો લાંબો સમય મા-બાપ પાસે રહ્યો એટલે તેના પૌત્રને દાદા-દાદીની વધારે માયા લાગેલી.

એક સમય એવો આવ્યો કે મા-બાપને એકલા રહેવાનું થયું. મા-બાપે તો એક નાના ઘરમાં પાંચ બાળકોને ઉછેરીને મોટા કર્યા હતા, પરંતુ એક પણ દીકરાને મા-બાપને રાખવા માટે જગ્યા ન હતી. બંનેની ઉંમર 65 વટાવી ચૂકેલી અને બહેનને ડાયાબિટીસ તથા લોહીના દબાણનું દર્દ એટલે ખાસ કોઈ કામ કરી શકે નહિ. તેઓ નાના એવા પેન્શનમાં અને એક રૂમ ભાડે આપેલી, તેમાંથી ગુજરાન ચલાવતાં. કોઈકોઈ વાર મારી પાસે આવી હૈયાવરાળ ઠાલવતાં. પેન્શનમાંથી પૂરું થતું નહિ એટલે મકાન વેચવા સુધી વાત આવી ગઈ. તેમને સમજાવ્યા કે દીકરાઓને તમારી મુશ્કેલીઓ સમજાવો. મકાન કાઢી નાખવા માટે પણ તેમની સંમતિ લેવી જરૂરી. દીકરાઓ બધા એકંદરે સારા અને આગળ પડતા, પરંતુ કોઈ કારણસર

કોકડું ગૂંચવાયેલું, જે ઉકેલાતું ન હતું. તેમાં એક ઘટના બની. તેમના એક પુત્રને અસાધ્ય રોગ લાગુ પડ્યો. બધા ભાઈઓ, મા-બાપ સૌ ઊભા પગે સારવાર કરે. બધા ભાઈઓ પોતાના ભાઈ માટે ઘણા ઘસાયા. અનેક વખત બહાર શહેરમાં પણ લઈ ગયા પરંતુ એક દિવસ તેનો જીવનદીપ બુઝાઈ ગયો.

મા-બાપ સાથે દરેક દીકરાને નાની-મોટી કડવાશ પણ થઈ હશે તેવું તેમની વાતો પરથી લાગતું હતું. દીકરાના મૃત્યુ પછી એક દિવસ સૌ ભેગાં થયાં. ત્યારે માતા-પિતાએ વાત મૂકી કે અમારા માટે તમે સૌ વિચારો. અમારે શું કરવું ? એકલા રહી શકાય તેવી પરિસ્થિતિ રહી નથી.

કોઈ જવાબદારી સ્વીકારવા તૈયાર નહોતું. કોઈને તેમનું ઘર નાનું પડતું હતું, તો કોઈને તેમના સ્વભાવ સાથે અનુકૂળતા ન હતી. દરેક પુત્રે કોઈ ને કોઈ બહાનું બતાવી સાથે રાખવાની અસંમતિ દર્શાવી.

કુટુંબ જ્યારે મળ્યું ત્યારે પૌત્રો-પૌત્રીઓ પણ ત્યાં બેઠાં હતાં. મોટાભાઈનો પુત્ર જે 25 વર્ષનો હતો અને પરણેલો હતો તે ઊભો થયો. તેણે તેના પિતાશ્રીને સંબોધતાં કહ્યું કે, 'બાપુજી, હવે તમે પણ રીટાયર થવાની તૈયારીમાં છો તો મારે તમને મારી સાથે નહિ રાખવાનાને ! દાદીમાએ મને ઘણું હેત આપ્યું છે. તેઓ અમારી સાથે રહેશે, તેમને એકલા રહેવા નહિ દઉં.' સૌનાં નેત્રો ખૂલી ગયા. દરેકની આંખમાંથી અશ્રુઓનો ધોધ શરૂ

થયો. વારાફરતી છ-છ મહિના માતા-પિતાને રાખવાનો સહુએ ત્યાં જ નિર્ણય કર્યો. માતા-પિતાના નાના ઘરમાં પાંચ પુત્રો રહી શકે, પરંતુ પાંચ પુત્રોના બંગલામાં માતા-પિતાને સ્થાન નથી, એવું વિધાન ઉમાશંકર જોશીએ ક્યાંક કરેલું છે. એક યુવાન પૌત્રના શબ્દોથી તેમ થતાં રહી ગયું. સૌ આનંદથી છૂટાં પડ્યાં. પછી તો વારતહેવારે પુત્રો-પુત્રવધૂઓ મા-બાપ જ્યાં હોય ત્યાં ભેગાં મળતાં અને આનંદ કરતાં. સૌએ તેમને જાત્રા પણ કરાવી અને સમય જતાં બંનેએ શાંતિથી તેમનું જીવન સંકેલી લીધું.

# નવ વર્ષની દીકરીની ગજબની હિંમત

સાવરકુંડલાથી 12 કિમી.ના અંતરે પીઠવડી ગામ આવેલું છે. તે ગામમાં એક દેવીપૂજક કુટુંબ વસે. સીમમાં વાડીપડુ. ટાંચી જમીન પર મહેનત-મજૂરી કરી ગુજરાન ચલાવે. કુટુંબમાં ત્રણ બાળકો. મોટી દીકરી હંસા 9 વર્ષની, બેલદાંના બે દીકરા અશોક અને દકો.

વૈશાખ મહિનાનો ધોમધખતો તડકો તપે છે. માબાપને કામ હોઇ ઘરે રહ્યાં અને ત્રણેય બાળકોને વાડીએ મોકલ્યાં. બપોરનો સમય થવા આવ્યો એટલે ત્રણેય બાળકોએ શિરાવી લીધું. હંસા ઝાડને છાંયે આડે પડખે થઇ.

બે પાંચ વર્ષના ભાઇઓ રમતાં-રમતાં ક્યારે કૂવા કાંઠે ગયા તેની ખબર રહી નહિ. થોડીવારમાં ધબાકો થયો. હંસાએ બેબાકળી ઊઠીને જોયું તો દકો કૂવામાં પડી ગયો હતો. અશોક કૂવા પાસે ઊભો ઊભો  રડતો હતો.

પરંતુ હંસાના ચિત્તમાં સમયસૂચકતા જાગી અને તેણે તરત અશોકને ઘરે માબાપને બોલાવવા મોકલ્યો. પોતે પાઇપના સહારે કૂવામાં ઊતરી. અંદર જઇને જોયું તો દકો હજુ ડબકાં ખાતો હતો. ઇશ્વરની કૃપાએ તે કશે અથડાયા વગર સીધો જ પાણીમાં પડેલો એટલે કશું જ વાગ્યું ન હતું પરંતુ હેબતાઇ ગયો હતો. હંસાએ તુરત ભાઇને પકડી લીધો ને પાણીની બહાર માથું રહે તેમ ભાઇને રાખી બંને ભાઇબહેન પાઇપને વળગી રહ્યા.

ઘર દૂર હતું એટલે માબાપને ઘરેથી આવતાં વાર તો લાગે જ. પણ અણીના સમયે તેનામાં જે હિંમત અને શક્તિ પેદા થઇ તેને લીધે તેટલો સમય તે પાઇપને વળગી રહી. મા-બાપ બંનેએ આવીને તેમને બહાર કાઢ્યાં.

આ વાતને બારેક વર્ષના વહાણાં વાઇ ગયા. હંસા તો સાસરે પણ જતી રહી છે. બંને ભાઇઓ પણ 17 વર્ષના થઇ ગયા છે. દકો તો બહેને દીધેલું જીવતદાન જીવી રહ્યો છે. આજે પણ આ પ્રસંગ તેટલો જ તાજો છે. એક નાની એવી દીકરીએ સમયસૂચકતા વાપરી કેવું ઉદાહરણરૂપ કામ કર્યું !

# જવાંમર્દ રામકુભાઈ ખાચર

જુલાઇ મહિનો એટલે ભરપૂર ચોમાસું. વર્ષાઋતુએ નદી નાળાં, તળાવ, કૂવા જીવતાં કરી દીધાં છે. ચારે બાજુ લીલુંછમ એટલું બધું છે કે તેને જોઇને આંખો પણ લીલી થઇ જાય! આવા સમયે એક એસ.ટી. બસ રાજુલાથી સાવરકુંડલા બપોરના 12:30 ના સમયે પૂરઝડપે ચાલી આવે છે. રામકુભાઇના હાથમાં સ્ટિયરિંગ છે. હરિયાળી મસ્તી તેની આંખોમાં રમે છે. એકાદ ગીતની કડી લલકારી રહ્યા છે. બસ મુસાફરોથી ભરેલી છે. બરાબર થોરડી-આંબરડી વચ્ચે સૂરજવડીનો પુલ આવે તે પહેલાં થોડં જ અંતરે એક વળાંક પાસે બસનું ડાબી બાજુનું પૈડું સ્ટિયરિંગ રોડથી અલગ

થઇ આડું થઇ ગયું. બસ ઢસડાવા લાગી. જોગાનુજોગ બ્રેક પણ કામ કરતી બંધ થઇ ગઇ.

એક પળ તો રામકુભાઇને વિચાર આવ્યો કે બારણું ખોલી લાવ કૂદી પડું ને જીવ બચાવું. પણ નિશાળમાં ભણતા ત્યારે તેમના આચાર્યશ્રી ઓઢાબાપુએ સારા સંસ્કાર સીંચેલા તેણે ઝબકારો કર્યો. તેમણે કહેલું કે, “મરદ કદી મેદાન ન છોડે.” બસમાં બાળકો, સ્ત્રીઓ અને પુરુષોને ભય પેસી ગયો કે હવે જાનથી ગયાં. રોકકળ અને ચીસાચીસ થવા લગી.

હવે સઘળી બાજી રામકુભાઇના હાથમાં હતી. પચાસેક ઉતારુઓના જીવ પોતાના હાથમાં છે તેની ગંભીરતા સમજાઇ અને જવાબદારી પણ.

પોતાની આંતરસૂઝ અને હિંમતથી તેમણે સ્ટિયરિંગમાં પોતાના બંને હાથ નાખી ઊંધા લટકી પડ્યા. આથી સ્ટિયરિંગ હલે નહિ અને બસ ફંગોળાય નહિ. એક વખત તો સ્ટિયરિંગના આંચકાથી પોતે ફેંકાઇ ગયા જેવી પરિસ્થિતિ થઇ. પણ ફરીથી એ રીતે જ કાબૂ કરવા કમર કસી. સ્ટિયરિંગને કાબૂમાં રાખતાં રાખતાં નીચે હાથ લઇને ગિયર લોમાં નાખ્યું. આથી બસની ગતિ એકદમ ધીમી પડી ગઇ. અને પુલની નીચે ખાબકવાની અણીના સમયે બસ અટકી ગઇ !

સહુના જીવમાં જીવ આવ્યો. રામકુભાઇની સમયસૂચકતા અને સહુને ઉગારી લેવાના પ્રયત્નોથી તેમના પ્રતિ બધાં અભારની લાગણી દર્શાવવા

લાગ્યાં અને ધન્યવાદ આપ્યાં. પરંતુ રામકુભાઇના હાથને સ્ટિયરિંગના આંચકાથી ચાર ફ્રેકચર થઇ ગયાં હતાં. રામકુભાઇને તો એ વાતનો સંતોષ હતો કે મેં મારી જવાબદારી સૂરજદેવની કૃપાથી બરાબર નિભાવી. ઘણી સારવાર કરવા છતાં તેમને હાથે ખોડ તો રહી જ ગઇ, પરંતુ તેનો તેમને જરા પણ અફસોસ નથી.

આવા જવાંમર્દનું સન્માન ન કર્યું હોત તો ગામ ઊણું ઊતર્યું ગણાત. જોકે એસ.ટી.એ તેમનું સન્માન ન કર્યું તે એક ખેદની વાત.

# સત્ય એ જ ઇશ્વર છે.

અપંગોને સહાય કરવાનું કાર્ય છેલ્લાં 15 વર્ષથી અમે ‘સોનલ ફાઉંડેશન’ દ્વારા કરી રહ્યાં છીએ. સૌરાષ્ટ્રનાં જુદાં જુદાં ગામોમાં અમે 45 કેમ્પ કર્યાં. બે પગે અપંગ બાળકોને 2225 જેટલી ટ્રાઇસિકલ, 1450 કૅલીપર્સ, 800 ઘોડી, વૉકર વગેરે અપાયાં. નાનામોટા યાદ રહી જાય તેવા પ્રસંગો બન્યા, જે હંમેશને માટે અમારા હ્રદયમાં જડાઇ ગયા.

તેવ એક પ્રસંગની વાત કરવાનું મન થાય છે. છ એક માસ પહેલાં અમે કુંડલામાં અપંગોને સહાય માટેનો કૅમ્પ અહીંની આંખની હૉસ્પિટલમાં કરેલો. અમારો આશય એ હતો કે જે બાળકો પહેલા સાઇકલ વિનાના રહી

ગયા તેમને સાઇકલ અપાવવી અને જેમને 10 વર્ષ પહેલા સાઇકલ અપાવી હોય અને જો તૂટી ગઇ હોય તેમને નવી સાઇકલ અપાવવી.

મનસુખ કે જેને 15 વર્ષ પહેલાં અમે પ્રથમ સાઇકલ અપાવેલી. તે છોકરો ત્યાં કૅમ્પમાં આવેલો. હવે તે મોટો લાગતો હતો. વાંકડિયા વાળ, મોટી મોટી આંખો, તે સાઇકલ પર બેઠો હતો. બોલવામાં નમ્ર. હવે તો તે હીરાના કારખાનામાં હીરા ઘસવાનું કામ કરે છે અને સારું કમાય છે તેમ તેણે વાત કરી. તેને મેં પૂછ્યું કે, “તારે સાઇકલ જોઇએ છે? તેં 15 વર્ષ પહેલા આ સાઇકલ લીધી છે અને હવે તે સારી નહિ રહી હોય. તારે બીજી સાઇકલ જોઇએ છે? તો તને સાઇકલ અપાવીએ.” મનસુખ પ્રામાણિક અને

ટેકીલો હતો. હું તેના સ્વભાવને જાણતો હતો. તેના શબ્દો, “સાહેબ, દર વર્ષે હું સાઇકલ રિપેર કરાવું છું અને નવા જેવી જ રાખું છું. હું અત્યારે બેઠો છું તે મારી જ સાઇકલ છે. સાહેબ, મારાથી બીજી સાઇકલ ન લેવાય. ઇશ્વર મને માફ ન કરે. હું લઉં તો બીજા જરૂરિયાતવાળા એકને ઓછી મળે ને? મારાથી આવી રીતે ન લેવાય. તમારા પ્રતાપે હું સારું ક્માઉં છું અને સુખી છું. મારી માએ મને શીખવ્યું છે કે અણહક્કનું કદી ન લેવાય.” આવાં લોકોને મળીએ ત્યારે મન ભરાઇ જાય અને પ્રસન્ન્તા અનુભવાય. જ્યારે પણ એ મારા દવાખાના પાસેથી નીકળે ત્યારે મળ્યા વિના ન જાય. આવા નાના માનવીમાં પણ માનવતાના ઉચ્ચ ગુણ જોઇને મન હરખાય.

# 'ડૉકટર કે દેવદૂત'?

ડૉકટર દર્દીઓની સારવાર કરતા હોય ત્યારે દર્દીને આશ્વાસન આપે કે તે સારો થઇ જશે. અમુક દવાઓ હંમેશને માટે લેવાની હોય ત્યારે તે નિરાશ ન થાય તેમ સમજાવીને તેના મનને મજબૂત કરતા હોય છે. 52 વર્ષની પ્રેકટિસમાં અનેક દર્દીઓના સંપર્કમાં આવવાનું બન્યું. દર્દીના હ્રદયમાં ડૉકટર નું કેવું સ્થાન હોય છે તે અનુભવ્યું. તેઓ સારા થાય અને મળવા આવે ત્યારે તેમના લાગણીભર્યા શબ્દો ઘણીવાર અમારી આંખોમાં હર્ષના આંસુ લાવી દે છે.

પરંતુ આજે સમયમાં પરિવર્તન આવ્યું છે. પૈસાની પાછળ દોડ વધી છે. તેમાં માનવતા ભુલાતી જતી હોય તેમ અનુભવાય છે. આવા પ્રસંગો દર્દીના મુખેથી સાંભળવા  મળે ત્યારે ખરેખર દુ:ખ થાય. પરંતુ મીઠી વીરડીઓ  આજે પણ ઘણી છે. તેવા એક સુખદ પ્રસંગની વાત કહ્યા વિના રહી શક્તો નથી.

છેલ્લાં ત્રણેક વર્ષમાં મારા તથા મારાં પત્નીનાં ચારેક મોટાં ઓપરેશનો થયાં. નિદાન પણ ખોટાં થયાં અને અનેક તકલીફોમાંથી પસાર થવું પડ્યું અને અનુભવો પણ એવા થયેલા કે દુ:ખ થાય. છેલ્લે તો અમે ડૉકટરોને બતાવવા છતાં નિદાન ન થયું એટલે કંટાળીને પાછા આવતાં રહેલાં.

આજની વાત જે લખી રહ્યો છું તે મને ચમત્કારિક લાગે છે. મને એકાદ માસથી અવાજની તકલીફ થવા લાગી. જરાપણ કોઇ મોટા અવાજે બોલે તે ન ગમે, ટીવી જોતાં માથમાં દુખાવો થાય. તેના કારણે ટીવી બંધ કરવું પડે. ક્લિનિક પર A.C. રૂમ કરાવવી પડી. મારો પુત્ર સંજય મને મુંબઇ તેડાવે, પરંતુ મને જે અનુભવ થયેલા તેના કારણે કહ્યું કે મારે તે ચક્કરમાં પડવું નથી. પરંતુ તકલીફ વધારે થતાં મુંબઇ જવાનું નક્કી કર્યું. મારા ફૈબાના દીકરા ડૉ. ભાનુભાઇ જેઓ F.R.C.S. સર્જન છે અને મુંબઇના Seniormost ડૉકટરોમાંના એક ગણાય છે. તેમને ફોન પર વાત કરી કે, “મારા માટે કોઇ સારા સેવાભાવી ડૉક્ટૅર શોધી આપો કે જે મને નિરાંતે સાંભળી અને નિદાન પાછળ સારો એવો સમય આપીને મને સંતોષ થાય

તેમ કરે.” ડૉકટરે આપેલા સમયે હું તેમના ક્લિનિક પર પહોંચી ગયો. ડૉકટરે મારી વાત ખૂબ શાંતિથી સાંભળી. તેમને બતાવ્યા પહેલા એક ડૉકટરે મને કહેલું કે CT Scan અને MRI  કરાવીને આવો પછી આપણે જોઇએ.

ડૉક્ટરે મારી વાત સાંભળ્યા પછી તપાસીને કહ્યું, ”મને ગળાના બે ફોટા AP અને Lateral view લાવી આપો. રિપોર્ટની જરૂર નથી. હું જ તે વાંચીશ.”

આટલો તેમનો આત્મવિશ્વાસ જોઇને થયું કે ડૉકટર મારું નિદાન બરાબર કરશે. બીજા દિવસે મારાં પુત્રવધૂની સાથે અમે સમયસર તેમના ક્લિનિક

પર પહોંચી ગયાં. X-Ray જોઇને તેમના prescriptionમાં લખ્યું Cervical collar. મને કહે, "ડૉકટર, તમે આ પટ્ટો પહેરશો એટલે તમારી બધી ફરિયાદ દૂર થઇ જશે. કોઇ દવાની જરૂર નથી. તમારી ગળાની એક નસ દબાય છે તે આ પટ્ટો પહેરવાથી બરાબર થઇ જશે."

દીકરીએ કહ્યું કે, "પટ્ટો તો ઘરે જ છે. લેવા જવાની જરૂર નથી." અમે ઘરે આવ્યા, પટ્ટો પહેર્યો અને જોવા જેવું થયું. તકલીફ દૂર થઇ ગઇ. ડૉ. અજય કોઠારી જેઓ E.N.T. Surgeon છે અને મારા ભાઇના મિત્ર છે. તેમણે એક ક્ષણમાં મારું નિદાન કરી આપ્યું તેમ કહું તો ચાલે. તેઓ મલાડમાં બહેરા-મૂંગાની સંસ્થા ચલાવે છે, એટલા સેવાભાવી અને પ્રેમાળ

છે કે તેમના માટે જે શબ્દો લખું તે ઓછા પડે. તેઓ સાહિત્યના જીવ છે. જન્મભૂમિ વગેરે પત્રોમાં તેમની કટાર આવતી હોય છે. એક ઉમદા, માનવતાવાદી ડૉક્ટરને મળવાનો મોકો મળ્યો. તે ઇશ્વર કૃપા.

## દરેક ડૉક્ટરનો ધર્મ

સાવરકુંડલામાં 1959માં ફેબ્રુઆરીમાં સાર્વજનિક દવાખાનામાં પ્રેક્ટિસ શરૂ કરી. તે દવાખાનું થોડાં વર્ષોથી બંધ હતું એટલે તેને સારી રીતે ચલાવવું એ એક પડકાર હતો. અભ્યાસ દરમિયાન જ સ્વામી વિવેકાનંદનાં પુસ્તકો

વાંચતાં નક્કી કરેલું કે મારે એક નાના ગામમાં જઇને લોકોને ઉપયોગી થવું. મને ગમતું ગામ મળી ગયું.

જેમ જેમ દિવસો પસાર થતા ગયા તેમ તેમ દર્દીઓની સંખ્યા વધવા લાગી. ધીમે ધીમે 300-500 સુધી દર્દીઓની સંખ્યા થતી ગઇ અને વિઝિટો પણ દરરોજની 25-30 તો હોય જ. મારું કાર્ય સવારનાં 6.00 થી શરૂ થઇ રાત્રિના 11.00 સુધી ચાલતું. પરંતુ કામનો આનંદ હતો કે થાક જેવું નામ ન હતું.

જેમ જેમ લોકોમાં ચાહના વધતી જાય તેમ તેમ કોઇ કોઇ ઇર્ષાળુ તત્વો પણ ફૂટતા જાય તેમણે પત્રિકાઓ છાપી અને લોકોમાં વહેંચી. તેની કોઇ

અસર લોકો પર ન થઇ એટલે લોકો માં વાત ફેલાવતા જાય. રસ્તા વચ્ચે ગમે તેમ બોલે, બોર્ડ પણ મુકાય પરંતુ માંહ્યલો ચોખ્ખો હતો એટલે જરા પણ ડર ન હતો.

તેમાં એક પ્રસંગ બને છે. જે ભાઇ મારા વિશે જાહેરમાં ઘણું બોલતા અને તે સમાચાર મને મળતા, તેઓ બીમાર પડ્યા અને મિત્રોને કહ્યું કે “આ દર્દ માટે ડૉ. શાહ વધારે જાણે છે. એટલે તેમને બોલાવો.” તે ભાઇની તો હિંમત ચાલી નહિ. પરંતુ તેમના મિત્ર દ્વારા મને કહેવામાં આવ્યું. મેં તુરત હા પાડી. તેમના ઘરે જઇ તેમને તપાસ્યા. તેમના Investigations આવ્યાં અને સારવાર આપવી શરૂ કરી. તેમને ત્યાં દરરોજ વિઝિટે જવાનું હતું

અને થોડા સમયમાં જ તેઓ સારા થઇ ગયા. એક દિવસ મારા ક્લિનિક પર આવી માફી માગી. ખૂબ પસ્તાવો થયો તેમ કહ્યું અને કોઇકના ચડાવ્યે આ બધું અવિવેકી કામ કર્યું તેનું દુ:ખ છે તેમ કહ્યું.

અમારે માટે તો મિત્ર હોય કે અમને દુશ્મન માનતો હોય તેની સારવાર કરવી તે ફરજ બને છે અને અમારે તો વીંછી અને સાધુનો દાખલો જ યાદ રાખવાનો હોય છે કે વીંછી કરડે તે તેનો સ્વભાવ હોય છે અને અમારે પાછો તેના સ્થાન પર જવા દેવો તે અમારો સ્વભાવ છે. તે પછી વર્ષો સુધી અમારા સંબંધો ખૂબ સારા રહ્યા. એ પ્રશંસક બન્યા.

**લોકમિલાપની ખીસાપોથીઓ**

આઝાદી કી મશાલ,

કાવ્યમાળાનાં મોતી,

દુલારું દામ્પત્ય : અનુ.મહેન્દ્ર મેઘાણી,

પહાડી નિશાળના પડઘા: સઈક્યો મુચાકુ,

મારા ગાંધીબાપુ : ઉમાશંકર જોશી,

મારી અભિનવ દીક્ષા :કાશીબહેન મહેતા,

મારી વાચનકથા : મનુભાઈ પંચોળી,

ભેદની ભીંત્યંને આજ મારે ભાંગવી : મનુભાઈ પંચોળી,

કહેવતોની સ્મરણિકા,

કુંવરબાઈનું મામેરું,

પરમ સખા મૃત્યુ ; કાકા કાલેલકર,

ભારેમૂવાંવના ભેરુ :સ્વામી આનંદ,

મારાં મોટી બા : મુકુન્દરાય પારાશર્ય,

મારી જીવનયાત્રા : બબલભાઈ મહેતા,

રવીન્દ્રનાથની ચિંતન –કણિકા

## ગુજરાતી ભાષાના અનેક ઉપયોગી, વિચારવંત અને પ્રેરણાદાયી ઇ-પુસ્તકો તદ્દન મફત ડાઉનલોડ કરવા જાઓ-

## અક્ષરનાદ ઇ-પુસ્તક ડાઉનલોડ વિભાગ

અક્ષરનાદ
AksharNaad.com

અંતરની અનુભૂતિનો અક્ષર ધ્વનિ

http://aksharnaad.com